सत्यमेव जयते

ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષકના 31 માર્ચ 2019ના રોજ પૂરા થતા વર્ષ માટેના ગુજરાત સરકાર પરના અહેવાલોનો ટૂંકસાર

भारतीय लेखापरीक्षा और लेखा विभाग ✦ INDIAN AUDIT AND ACCOUNTS DEPARTMENT

सत्यमेव जयते

लोकहितार्थ सत्यनिष्ठा

Dedicated to Truth in Public Interest

પ્રધાન મહાલેખાકાર

(આર્થિક અને મહેસૂલ ક્ષેત્ર ઑડિટ)

ગુજરાત, અમદાવાદ

ઑડિટ અહેવાલની પૂરેપૂરી આવૃત્તિ માટે અમારી વેબસાઈટ www.cag.gov.in ની મુલાકાત લો.

વિષય સૂચિ

અનુ. નંબર	વિગત	પૃષ્ટ નં.
1	પ્રસ્તાવના	1-2
	ઑડિટ અહેવાલ - રાજ્યની નાણાંકીય પરિસ્થિતિ	
2	વિશિષ્ટતાઓ	3-5
3	રાજ્ય સરકારની નાણાંકીય પરિસ્થિતિ	6-9
4	નાણાંકીય વ્યવસ્થાપન અને અંદાજપત્રીય નિયંત્રણ	9-10
5	નાણાંકીય અહેવાલ	10 -12
	ઑડિટ અહેવાલ - સામાન્ય અને સામાજિક ક્ષેત્ર	
6	વિશિષ્ટતાઓ	13-15
	પૂર્તતા ઑડિટ	
7	ગુજરાતમાં આયુષની કામગીરી	15-18
8	ગુજરાતમાં માનસિક આરોગ્ય સંભાળ	18-19
9	આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના પ્રોજેક્ટ ઈમ્પ્લિમેન્ટેશન યુનિટની કામગીરી	19-20
10	પસંદગીની શહેરી સ્થાનિક સંસ્થાઓમાં મ્યુનિસિપલ ઘન કચરાનું સંચાલન	20
11	નિરાધાર વિધવાઓના પુન:વસવાટ માટે આર્થિક સહાય યોજનાઓનું અમલીકરણ	21
12	₹27.90 કરોડની બિન-ઉપયોગી 335 ડિસઇન્ફેક્ટંટ જનરેશન સિસ્ટમ્સ	21

	આર્થિક અને મહેસૂલ ક્ષેત્ર પરનો ઑડિટ અહેવાલ	
	I. આર્થિક ક્ષેત્ર	
	પૂર્તતા ઑડિટ	
13	જૂનાગઢ કૃષિ વિશ્વવિદ્યાલયની કામગીરી	22-23
14	અગરીયાઓના કલ્યાણ માટેની યોજનાનું અમલીકરણ	24-26
15	વળતર વનીકરણ	26-27
	II. મહેસૂલ ક્ષેત્ર	
16	મહેસૂલી આવકના વલણો	28
	કામગીરી ઑડિટ	
17	સરકારી જમીનની ફાળવણી અને તેના યોગ્ય ઉપયોગની દેખરેખ	28-29
	ફકરાઓ	
18	માલ અને સેવા કર (જી.એસ.ટી.)/મૂલ્ય વર્ધિત વેરો (વેટ) / વેચાણ વેરો	29-30
19	સ્ટેમ્પ ડ્યુટી અને નોંધણી ફી	30
20	અન્ય કર અને બિન-કર આવક	31-32
	ઑડિટ અહેવાલ - જાહેર ક્ષેત્રના ઉપક્રમો	
21	રાજ્યના જાહેર ઉપક્રમોની કામગીરીનું વિહંગાવલોકન	33-34
22	ઉર્જા ક્ષેત્રના ઉપક્રમોની કામગીરીનું વિહંગાવલોકન	34-36
23	ઉર્જા ક્ષેત્ર ઉપક્રમોને સંબંધિત પૂર્તતા ઑડિટ અવલોકનો	36
24	રાજ્યના જાહેર ઉપક્રમોની કામગીરીનું વિહંગાવલોકન (ઉર્જા ક્ષેત્રના જાહેર ઉપક્રમો સિવાય)	36-38
25	જાહેર ઉપક્રમો (ઉર્જા ક્ષેત્ર સિવાય) ને લગતું કામગીરી ઑડિટ	38-39
26	વૈધાનિક નિગમ સંબંધિત પૂર્તતા ઑડિટ અવલોકનો	40

પ્રસ્તાવના

એક દ્રષ્ટિપાત કરતા, આ પુસ્તિકા 31 માર્ચ 2019ના રોજ પૂરા થતાં વર્ષ માટે ગુજરાત સંબંધિત ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષકના ઑડિટ અહેવાલોમાં (રાજ્યની નાણાંકીય પરિસ્થિતિ, સામાન્ય અને સામાજિક ક્ષેત્ર, આર્થિક અને મહેસૂલ ક્ષેત્ર અને જાહેર ઉપક્રમો) સમાવિષ્ટ વિષય વસ્તુનો ટૂંકસાર રજૂ કરે છે. ગુજરાત સરકારની નાણાંકીય લેવડ-દેવડના ઑડિટ પરનાં મુખ્ય તારણો, સરકારી કંપનીઓ, વૈધાનિક નિગમો પરનાં અવલોકનોનો આ અહેવાલમાં સમાવેશ થાય છે. હિસાબી તપાસનાં અન્ય મુખ્ય અવલકોનો કે જે આ અહેવાલમાં સમાવિષ્ટ કરાયાં નથી, તેના નિકાલ માટે સંબંધિત નિયંત્રણ અધિકારીશ્રીઓ અને કચેરીઓના વડાઓ સાથે પરામર્શ કરવામાં આવી રહ્યો છે.

સંવિધાનની કલમ 151 અન્વયે ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષક, ગુજરાત સરકારની નાણાંકીય લેવડ-દેવડનાં ઑડિટ દરમિયાન ઉભા થયેલા મુદ્દાઓ પરના તેમજ તેના હિસાબો પરના ઑડિટ અહેવાલ રાજ્યપાલશ્રીને રજૂ કરે છે. જેઓ આ અહેવાલોને વિધાનસભાના મેજ પર મૂકે છે.

ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષકના રાજ્યની નાણાંકીય પરિસ્થિતિ, સામાન્ય અને સામાજિક ક્ષેત્ર, આર્થિક અને મહેસૂલ ક્ષેત્ર અને જાહેર ઉપક્રમોના અહેવાલ રાજ્ય વિધાનસભા સમક્ષ રજૂ થઈ ચૂકયા છે. રાજ્યની નાણાંકીય પરિસ્થિતિ, સામાન્ય અને સામાજિક ક્ષેત્ર, આર્થિક અને મહેસૂલ ક્ષેત્રના અહેવાલો જાહેર હિસાબ સમિતિમાં રજુઆતને પાત્ર છે જ્યારે જાહેર ઉપક્રમોનો અહેવાલ જાહેર સાહસો માટેની સમિતિમાં રજુઆતને પાત્ર છે. સરકારી વિભાગો ઑડિટ દ્વારા યોગ્ય રીતે ચકાસાયેલ તમામ ઑડિટ ફકરાઓ અને સમીક્ષાઓ પર લીધેલાં પગલાની નોંધ પોતાની રૂએ જ સમિતિઓ સમક્ષ રજૂ કરે છે. સમિતિઓ ફકરાઓ / સમીક્ષાઓને વિગતવાર તપાસ કરવા પસંદ કરે છે અને ત્યારબાદ તેમનાં અવલોકનો અને ભલામણો અંગેનો અહેવાલ રાજ્ય વિધાનસભામાં રજૂ કરવામાં આવે છે.

ઑડિટ અહેવાલમાં સમાવિષ્ટ ફકરાઓ / સમીક્ષાઓનો ઑડિટ અહેવાલમાં સમાવેશ કરતા પહેલા, તેનો મુસદ્દો સંબંધિત વિભાગના સચિવશ્રીને ટીકાટીપ્પણી અર્થે મોકલી આપવામાં આવે છે. જેથી ઑડિટ અહેવાલને વિધાનસભા સમક્ષ રજૂ કરતા પહેલા સરકારનો દ્રષ્ટિકોણ તેમાં સમાવી શકાય.

આ પુસ્તિકામાં ઑડિટ અહેવાલમાં સમાવિષ્ટ કરવામાં આવેલા મહત્ત્વના મુદ્દાઓની સંક્ષિપ્ત રજુઆત સમાવિષ્ટ કરવામાં આવેલ છે. આ દસ્તાવેજના વિષયવસ્તુને બને ત્યાં સુધી મૂળ અહેવાલના વિષયવસ્તુની નજદીક રાખવાનો અમારો પ્રયત્ન રહ્યો છે. છતાં, હકીકતો/વસ્તુસ્થિતિ અને આંકડાઓની વિશ્વસનીયતા માટે મૂળ અહેવાલો જોવા ઈચ્છનીય છે. વિવિધ અહેવાલો બાબત કોઈ પણ પ્રકારની સ્પષ્ટતા કરવા માટે સંબંધિત અધિકારીશ્રીઓનો સંપર્ક કરી શકાય તે માટે આ પુસ્તિકાના અંતે અધિકારીશ્રીઓના નામ તથા ટેલિફોન નંબર આપવામાં આવ્યા છે.

રાજ્યની નાણાંકીય પરિસ્થિતિ પરનો ઑડિટ અહેવાલ

31 માર્ચ 2019 અંતિત વર્ષ માટેના રાજ્યની નાણાંકીય પરિસ્થિતિ પરના ઑડિટ અહેવાલમાં સરકાર દ્વારા વર્ષ 2018-19 માટે રાજ્ય સરકારની નાણાંકીય સ્થિતિ, નાણાંકીય વ્યવસ્થાપન અને અંદાજપત્રીય નિયંત્રણ અને નાણાંકીય અહેવાલ સંબંધિત ત્રણ પ્રકરણોનો સમાવેશ થાય છે.

વિશિષ્ટતાઓ

- 2017-18 માં મહેસૂલી પુરાંત ₹ 5,232 કરોડ હતી તે ₹ 2,020 કરોડ જેટલી ઘટીને 2018-19 માં ₹ 3,212 કરોડ થઈ હતી.

- 2018-19 દરમિયાન, રાજકોષીય ખાદ્ય 2017-18 માં ₹ 21,366 કરોડ હતી તે ₹ 4,999 કરોડ (23.40 ટકા) જેટલી વધીને 2018-19માં ₹ 26,365 કરોડ થઈ હતી.

- રાજ્યની મહેસૂલી આવક સતત વધતી રહી હતી ને 2014-15 માં ₹ 91,978 કરોડ હતી તે 2018-19માં ₹ 1,36,002 કરોડ થઈ હતી. રાજ્યની પોતાની મહેસૂલી આવક 2014-15માં ₹ 70,883 કરોડથી વધીને 2018-19માં ₹ 93,250 કરોડ થઈ હતી.

- મૂડી જોગવાઈમાં પાછલા વર્ષ કરતાં ₹ 1,749 કરોડ (6.65 ટકા) જેટલો વધારો થયો હતો અને લોન અને પેશગીઓની ચૂકવણીઓ પણ ₹ 1,100 કરોડ (174.37 ટકા) જેટલી વધી હતી.

- રાજ્યની બાકી નાણાંકીય જવાબદારીઓ 2014-15 માં ₹ 2,02,313 કરોડ હતી તે 9.03 ટકાના સંયુક્ત વાર્ષિક વૃદ્ધિ દરે વધીને 2018-19માં ₹ 2,85,844 કરોડ થઈ હતી.

- ₹ 1,83,666.38 કરોડની મૂળ અંદાજપત્રીય જોગવાઈઓની સામે, ખરેખર ખર્ચ ₹ 1,80,479.68 કરોડ હતો. ભારતના બંધારણની કલમ 205 મુજબ ફરજીયાત હોવા છતાં, વર્ષ 2007-08 થી 2018-19 માટેનો ₹ 7,064.84 કરોડનો અધિક ખર્ચ (મતપાત્ર) રાજ્ય વિધાનસભા દ્વારા નિયમિત કરવામાં આવ્યો ન હતો.

- 2001-02 થી 2017-18ના સમયગાળા દરમિયાન છૂટા કરવામાં આવેલા અનુદાનો માટે 31 માર્ચ 2019 ના રોજ એકંદરે ₹ 4,233.95 કરોડના 2,573 વપરાશી પ્રમાણપત્રો બાકી હતા.

નાણાંકીય વ્યવહારોનો સારાંશ

(₹ કરોડમાં)

આવક	2009-10	2014-15	2015-16	2016-17	2017-18	2018-19	2009-19 દરમિયાન CAGR[1]
મહેસૂલી આવક	41,672	91,978	97,483	1,09,842	1,23,291	1,36,002	14.05
કર આવક	26,740	61,340	62,649	64,443	71,549	80,103	12.96
બિન-કર આવક	5,452	9,543	10,194	13,346	15,074	13,417	10.52
કેન્દ્રિય કર/જકાતમાં રાજ્યનો હિસ્સો	5,891	10,296	15,691	18,835	20,782	23,489	16.61
ભારત સરકાર તરફથી અનુદાન	3,589	10,799	8,949	13,218	15,886	18,993	20.34
મૂડી આવક	14,532	20,316	23,611	28,074	27,299	43,362	12.92
પરચુરણ મૂડી આવક	136	241	0	240	0	65	-
લોન અને પેશગીઓની વસૂલાત	151	621	125	166	346	151	-
જાહેર ઋણની આવક*	14,245	19,454	23,486	27,668	26,953	43,146	13.10
આકસ્મિક ભંડોળમાંથી વિનિયોગ	0	0	0	0	0	0	-
આકસ્મિક ભંડોળમાં તબદીલ કરેલી રકમ	34	0	14	4	0	0	-
જાહેર હિસાબની આવક	58,660	62,388	65,132	58,959	89,133	1,05,721	6.76
ખુલતી રોકડ સિલક	13,119	15,386	21,077	18,559	23,249	16,529	2.60
(a) અંકિત કરેલી સિલકો	4,527	5,169	9,034	10,209	10,967	11,686	11.11
(b) રોકડ સિલક	8,592	10,217	12,042	8,350	12,282	4,843	-
કુલ	1,28,017	1,90,068	2,07,317	2,15,438	2,62,972	3,01,614	9.99
ચૂકવણીઓ	**2009-10**	**2014-15**	**2015-16**	**2016-17**	**2017-18**	**2018-19**	**2009-19 દરમિયાન CAGR**
મહેસૂલી ખર્ચ	48,638	86,652	95,779	1,03,895	1,18,060	1,32,790	11.81
સામાન્ય સેવાઓ	16,934	30,003	32,876	35,804	41,402	47,564	12.16
સામાજીક સેવાઓ	19,605	36,714	42,120	44,926	49,039	53,285	11.75
આર્થિક સેવાઓ	11,993	19,399	20,224	22,749	27,145	31,576	11.36
સહાયક અનુદાન અને ફાળા	106	536	559	416	474	365	14.73

1 સંયુક્ત વાર્ષિક વૃદ્ધિ દર

મૂડી જોગવાઈ	8,047	24,158	24,169	22,355	26,313	28,062	14.89
લોન અને પેશગીઓની ચૂકવણી	428	350	675	478	631	1,731	16.80
જાહેર ઋણની પરત ચૂકવણી*	3,245	5,509	6,194	9,073	13,700	15,432	18.92
આકસ્મિક ભંડોળનો વિનિયોગ	0	0	0	0	0	0	-
આકસ્મિક ભંડોળમાંથી તબદીલ કરેલી રકમ	47	14	4	0	0	0.25	-
જાહેર હિસાબની ચૂકવણીઓ	56,088	52,309	61,937	56,388	87,739	1,03,998	7.10
બંધ રોકડ સિલક	11,524	21,076	18,559	23,249	16,529	19,601	6.08
(a) અંકિત કરેલી સિલકો	5,027	9,034	10,209	10,967	11,686	12,705	10.85
(b) રોકડ સિલક	6,497	12,042	8,350	12,282	4,843	6,896	0.66
કુલ	1,28,017	1,90,068	2,07,317	2,15,438	2,62,972	3,01,614	9.99

સ્રોત સંબંધિત વર્ષોના નાણાંકીય હિસાબો

*સાધનોપાલય પેશગીઓ અને ઓવરડ્રાફ્ટના ચોખ્ખા વ્યવહારો સિવાય

(ii) મૂળ / પૂરક જોગવાઈઓની સામે ખરેખર ખર્ચની સ્થિતિનો સારાંશ

(₹ કરોડમાં)

ખર્ચનો પ્રકાર		મૂળ અનુદાન/ વિનિયોગ	પૂરક અનુદાન/ વિનિયોગ	કુલ	ખરેખર ખર્ચ	બચત (-) / અધિક (+)	પરત સોંપણીની રકમ
મતપાત્ર	i મહેસૂલ	1,15,621.05	13,162.29	1,28,783.34	1,14,148.67	(-)14,634.67	17,299.24
	ii મૂડી	30,564.05	2,803.99	33,368.04	28,583.73	(-)4,784.31	4,579.96
	iii લોન અને પેશગીઓ	1,535.91	508.61	2,044.52	1,731.47	(-)313.05	376.74
કુલ મતપાત્ર		1,47,721.01	16,474.89	1,64,195.90	1,44,463.87	(-)19,732.03	22,255.94
બિન-મતપાત્ર	iv મહેસૂલ	20,466.99	327.84	20,794.83	20,453.96	(-)340.87	397.93
	v મૂડી	44.10	101.30	145.40	129.83	(-)15.57	17.31
	vi જાહેર ઋણની પરત ચૂકવણી	15,434.28	5.56	15,439.84	15,432.02	(-)7.82	0.01
	કુલ બિન-મતપાત્ર	35,945.37	434.70	36,380.07	36,015.81	(-)364.26	414.71
એકંદર કુલ		1,83,666.38	16,909.59	2,00,575.97	1,80,479.68	(-)20,096.29	22,670.65

સ્રોત : વર્ષ 201819 માટેના રાજ્ય સરકારના વિનિયોગ હિસાબો અને વિનિયોગ અધિનિયમ

1. રાજ્ય સરકારની નાણાંકીય પરિસ્થિતિ

મહેસૂલી પુરાંત રાજ્ય 2011-12 થી મહેસૂલી પુરાંતવાળું રહ્યું છે. આમ છતાં, 2017-18માં ₹ 5,232 કરોડની મહેસૂલી પુરાંત હતી તે ₹ 2,020 કરોડ જેટલી ઘટીને 2018-19માં ₹ 3,212 કરોડ જેટલી થઈ હતી. પાછલા વર્ષ કરતાં મહેસૂલી આવકમાં ₹ 12,710 કરોડની (10.31 ટકા) સામે મહેસૂલી ખર્ચમાં ₹ 14,730 કરોડના (12.48 ટકા) વધારાના હિસાબે ચાલુ વર્ષમાં મહેસૂલી પુરાંતમાં ઘટાડો થયો હતો.

રાજકોષીય ખાદ્ય રાજકોષીય ખાદ્ય સામાન્ય રીતે સરકારની ચોખ્ખી વધારાની જવાબદારીઓ અથવા વધારાની ઉછીની લીધેલી રકમ દર્શાવે છે. આ ઘટ કયાં તો વધારાના જાહેર ઋણ અથવા જાહેર હિસાબમાંથી ફાજલ ભંડોળ વાપરીને ભરપાઈ કરવામાં આવે છે.

2018-19 દરમિયાન, રાજકોષીય ખાદ્ય 2017-18 માં ₹ 21,366 કરોડ હતી તે ચોખ્ખા મૂડી ખર્ચમાં ₹ 1,684 કરોડ જેટલી વધારો, મહેસૂલી પુરાંતમાં ₹ 2,020 કરોડ જેટલો ઘટાડો અને ચુકવેલી ચોખ્ખી લોન અને પેશગીઓમાં ₹ 1,295 કરોડ જેટલા વધારાના હિસાબે ₹ 4,999 કરોડ (23.40 ટકા) જેટલી વધીને 2018-19માં ₹ 26,365 કરોડ થઈ હતી.

આમ છતાં, GSDP ની ટકાવારી રૂપે ચાલુ વર્ષમાં રાજકોષીય ઘટ (1.76 ટકા) 14મા નાણાં પંચ દ્વારા નિયત કરવામાં આવેલા ત્રણ ટકાની મર્યાદાની અંદર હતી. પરંતુ ગુજરાત રાજકોષીય જવાબદારી અધિનિયમ, 2005થી (1.71 ટકા) અધિક હતી.

પ્રાથમિક ખાદ્ય રાજકોષીય ખાદ્ય સામાન્ય રીતે વધારાના સંશાધનોની જરૂરિયાત દર્શાવે છે, આવા સંશાધનોના એક હિસ્સાની મહેસૂલી હિસાબમાં ખાદ્ય ધરાવતા રાજ્યોની બાબતમાં વ્યાજની ચૂકવણી માટે નાણાં પૂરા પાડવા માટે જરૂર પડી શકે છે. વ્યાજની ચૂકવણીઓ અગાઉની જવાબદારીઓનો ખર્ચ રજૂ કરે છે અને ચાલુ ખર્ચથી સ્વતંત્ર હોય છે. વર્તમાન અસંતુલનો પર ધ્યાન આપવા માટે આ ચૂકવણીઓને અલગ કરવી જોઈએ અને એકંદર અસંતુલનોમાંથી બાદ કરવી જોઈએ.

2018-19 દરમિયાન, 2017-18 માં પ્રાથમિક ખાદ્ય ₹ 2,412 કરોડ હતી તે ₹ 3,770 કરોડ જેટલી વધીને 2018-19માં ₹ 6,182 કરોડ થઈ હતી, પાછલા વર્ષ કરતાં ચાલુ વર્ષ દરમિયાન રાજકોષીય ખાદ્યમાં થયેલા ₹ 4,999 કરોડના વધારામાંથી વ્યાજની વધારે ચૂકવણીના ₹ 1,229 કરોડ બાદ થવાના કારણે આમ થયું હતું.

રાજ્યના પોતાના સંસાધનો

2018-19માં રાજ્યની ખરેખર કર આવક 14 મા નાણાંપંચ, મધ્યમ ગાળાના રાજકોષીય નીતિવિષયક નિવેદન (MTFPS), અંદાજપત્રીય અંદાજો અને સુધારેલા અંદાજોમાં કરવામાં આવેલા અનુમાનો કરતાં નોંધપાત્ર રીતે નીચા રહ્યા હતા. મુખ્યત્વે SGST (₹ 7,861 કરોડ), સ્ટેમ્પ અને નોંધણી ફી (₹ 599 કરોડ) અને વીજ જકાત પર વેરાની (₹ 782 કરોડ) ઓછી વસુલાતના કારણે અંદાજપત્રીય અંદાજો કરતાં ખરેખર કર આવક નીચી રહી હતી. ખરેખર બિન-કર આવક 14મા નાણાંપંચના અનુમાનો કરતાં નીચી પરંતુ મધ્યમગાળાના રાજકોષીય નીતિવિષયક નિવેદન (MTFPS), અંદાજપત્રીય અંદાજો અને સુધારેલા અંદાજો કરતાં અધિક રહી હતી.

કુલ ખર્ચ

રાજ્યનો એકંદર ખર્ચ 2014-15 માં ₹ 1,11,160 કરોડથી વધીને 2018-19માં ₹ 1,62,583 કરોડ થયો હતો.

કુલ ખર્ચમાં સામાન્ય, સામાજિક અને આર્થિક સેવાઓના સંબંધિત હિસ્સાઓની હિલચાલે 2014-19માં, નજીવા આંતર-વર્ષ ફેરફારો સાથે, સ્થિરતા દર્શાવી હતી. છેલ્લા પાંચ વર્ષના સમયગાળા દરમિયાન સામાજિક સેવાઓનો હિસ્સો 1.98 ટકા જેટલો ઘટ્યો હતો જ્યારે સામાન્ય સેવાઓનો હિસ્સો બે ટકા જેટલો વધ્યો હતો.

મૂડી જોગવાઈ

મૂડી જોગવાઈમાં પાછલા વર્ષ કરતાં ₹ 1,749 કરોડ (6.65 ટકા) જેટલો વધારો થયો હતો અને લોન અને પેશગીઓની ચૂકવણીઓ પણ ₹ 1,100 કરોડ (174.37 ટકા) જેટલી વધી હતી. મૂડી જોગવાઈનો સંયુક્ત વાર્ષિક વૃદ્ધિ દર (CAGR) (14.89) મહેસૂલી ખર્ચના CAGR (11.81) કરતાં ઊંચો હતો.

વ્યાજની ચૂકવણીઓ અને પેન્શન પરનો ખર્ચ	મહેસૂલી આવકની ટકાવારી રૂપે, વ્યાજની ચૂકવણી અને પેન્શન પરનો વચનબદ્ધ ખર્ચ 2014-15માં 26.24 ટકા હતો તે વધીને 2018-19માં 28.29 ટકા થયો હતો.
વેતન પરનો ખર્ચ	વેતન પરનો ખર્ચ 2014-15માં ₹ 7,533 કરોડ હતો તે વધીને 2018-19માં ₹ 11,042 કરોડ થયો હતો.
રોકડ સહાયની ચૂકવણી	રોકડ સહાય પરનો ખર્ચ 2017-18માં ₹ 13,621 કરોડ હતો તેમાં 26.78 ટકા જેટલો વધારો થઈને 2018-19માં ₹ 17,269 કરોડ થયો હતો. 2018-19 દરમિયાન રોકડ સહાયના મુખ્ય લાભાર્થી વિભાગો હતા : ઉર્જા અને પેટ્રોકેમીકલ્સ (₹ 7,612.31 કરોડ), ઉદ્યોગ અને ખાણ (₹ 3,897.97 કરોડ) અને કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર (₹ 1,904.82 કરોડ).
બાંયધરીઓની સ્થિતિ	₹ 4,699 કરોડની કુલ ચડત બાંયધરીઓ પૈકી, 30 ટકા (₹ 1,409 કરોડ) સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડની બાબતમાં હતી અને 14 ટકા (₹ 650 કરોડ) ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રકચર લિમિટેડની બાબતમાં હતી. ચડત બાંયધરીઓ (₹ 4,699 કરોડ) રાજ્ય સરકારની કુલ મહેસૂલી આવકના (₹ 1,36,002 કરોડ) 3.46 ટકા જેટલી હતી અને ગુજરાત રાજકોષીય જવાબદારી અધિનિયમ, 2005 હેઠળ નિયત કરવામાં આવેલી મર્યાદાની અંદર હતી.
રાજકોષીય જવાબદારીઓ	રાજ્યની ચડત રાજકોષીય જવાબદારીઓ 2014-15માં ₹ 2,02,313 કરોડ હતી તે 9.03 ટકાના સરેરાશ સંયુક્ત વાર્ષિક દરે વધી હતી અને 2018-19ના અંતે ₹ 2,85,844 કરોડ થઈ હતી. માર્ચ 2019 ના અંતે રાજકોષીય જવાબદારીઓ (₹ 2,85,844 કરોડ) મહેસૂલી આવકના (₹ 1,36,002 કરોડ) 210 ટકા જેટલી રહી હતી અને રાજ્યના પોતાના સંશાધનોના (₹ 93,520 કરોડ) ત્રણ ગણા કરતાં અધિક રહી હતી.
રાજ્ય સરકાર દ્વારા લોન અને પેશગીઓ	લોન અને પેશગીઓની બાકી કુલ રકમ 2017-18માં ₹ 7,923 કરોડ હતી તે વધીને 2018-19માં ₹ 9,503 કરોડ થઈ હતી. વર્ષ દરમિયાન આપવામાં આવેલી લોન (₹ 1,731 કરોડ) પૈકી ₹ 924 કરોડ સામાજીક સેવાઓ માટે અને ₹ 51 કરોડ પરચુરણ હેતુઓ માટે ધીરવામાં આવ્યા

હતા. સામાજીક સેવાઓ હેઠળ આપવામાં આવેલી લોનનો ઉપયોગ શહેરી વિકાસ અને અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને અન્ય પછાત વર્ગો અને લઘુમતીઓના કલ્યાણ માટે કરવામાં આવ્યો હતો. આર્થિક સેવાઓ હેઠળ આપવામાં આવેલી લોનનો મોટો હિસ્સો ઉર્જા ક્ષેત્ર (₹ 69 કરોડ) અને પરિવહન ક્ષેત્રના (₹ 113 કરોડ) ફાળે ગયો હતો.

ઉપરાંત, વર્ષ દરમિયાન આપવામાં આવેલી કુલ લોન (₹ 1,731 કરોડ) પૈકી ₹ 1,296 કરોડની રકમની લોનો લોનની પરત ચૂકવણીની શરતો અને ચૂકવવાપાત્ર વ્યાજનો દર નક્કી કર્યા વિના વહીવટી વિભાગો અથવા નાણાં વિભાગને ચૂકવવામાં આવી હતી.

2. નાણાંકીય વ્યવસ્થાપન અને અંદાજપત્રીય નિયંત્રણ

રાજ્ય સરકારનો ખર્ચ

2018-19 દરમિયાન, ₹ 2,00,575.97 કરોડની એકંદર અંદાજપત્રીય જોગવાઈઓની સામે, ખરેખર ખર્ચ ₹ 1,80,479.68 કરોડ હતો. મહેસૂલ વિભાગ હેઠળ 87 અનુદાનો અને 23 વિનિયોગો અને મૂડી વિભાગ હેઠળ 56 અનુદાનો અને નવ વિનિયોગોમાં ₹ 22,490.53 કરોડની બચતોમાંથી મહેસૂલ વિભાગ હેઠળ ચાર અનુદાન અને એક વિનિયોગ હેઠળ થયેલો ₹ 2,394.24 કરોડનો અધિક ખર્ચ બાદ જવાના પરિણામે, ₹ 20,096.29 કરોડની ચોખ્ખી બચત રહેવા પામી હતી.

વિનિયોગ કરતાં અધિક ખર્ચ વિનિયમિત ન કરાવવો

ભારતના બંધારણની કલમ 205 હેઠળ ફરજીયાત હોવા છતાં વર્ષ 2007-08 થી 2018-19 માટે ₹ 7,064.84 કરોડનો અધિક ખર્ચ (મતપાત્ર) રાજ્ય વિધાનસભા દ્વારા વિનિયમિત કરાવવાનો બાકી હતો. છેલ્લા ચાર વર્ષ દરમિયાન કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર, શિક્ષણ, પંચાયત, ગ્રામીણ આવાસન અને ગ્રામ વિકાસ અને માર્ગ અને મકાન મુખ્ય કસૂરવાર વિભાગો હતા.

બિનજરૂરી પૂરક જોગવાઈઓ

2018-19 દરમિયાન જુદા જુદા ચાર અનુદાનો હેઠળ ચાર કેસોમાં એકંદરે ₹ 1,172.52 કરોડની પૂરક જોવગાઈઓ (પ્રત્યેક કેસમાં ₹ 50 કરોડ અથવા વધુ) કરવામાં આવી હતી

જે બિનજરૂરી પુરવાર થઈ હતી. આ કેસોમાં કરવામાં આવેલો ખર્ચ મૂળ જોગવાઈના સ્તર સુધી પણ પહોંચી શકયો ન હતો.

અંદાજપત્રીય નિયંત્રણ વ્યવસ્થાની સમીક્ષા

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ હેઠળ અનુદાન નં. 39 (તબીબી અને જાહેર આરોગ્ય) અને મહેસૂલ વિભાગ હેઠળ અનુદાન નં. 77 ને (કર વસૂલાતનો ખર્ચ) લગતા વહીવટી વિભાગ/નિયંત્રણ અધિકારીઓને રેકર્ડની 2016-17 થી 2018-19ના સમયગાળા માટે પ્રતિક ચકાસણીમાં અંદાજપત્રીય જોગવાઈઓથી વિચલન, વણવપરાયેલ અનુદાનો, અમલકર્તા એજન્સીઓ દ્વારા ભંડોળનો ધીમો ઉપયોગ, વણવપરાયેલ સિલકની પરત ચૂકવણી ન થવી અને ગુજરાત રાજ્ય નાણાંકીય સેવાઓમાં અનધિકૃત રોકાણ વગેરેના ઉદાહરણો ધ્યાન પર આવ્યા હતા.

3. નાણાંકીય અહેવાલ

વપરાશી પ્રમાણપત્રો રજૂ કરવામાં વિલંબ

2001-02 થી 2017-18ના સમયગાળા દરમિયાન આપવામાં આવેલ અનુદાન પેટે એકંદર ₹ 4,233.05 કરોડના 2,573 વપરાશી પ્રમાણપત્રો 31 માર્ચ 2019ના રોજ રજૂ કરવાના બાકી હતા. ₹ 4,233.95 કરોડના કુલ બાકી પ્રમાણપત્રો પૈકી, ₹ 2,995.88 કરોડની રકમવાળા 71 ટકા પ્રમાણપત્રો કૃષિ અને સહકાર વિભાગને લગતા હતા.

હિસાબો રજૂ ન કરવા/ વિલંબથી કરવા

2018-19 દરમિયાન 19 સંસ્થાઓ/સત્તામંડળોને લગતા કુલ 41 હિસાબો (અગાઉના વર્ષોના હિસાબો સહિત) જે ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષક (ફરજો, સત્તાઓ અને સેવાની શરતો) અધિનિયમ, 1971ની કલમ 14 હેઠળ ઑડિટપાત્ર છે તેનું ઑડિટ કરવામાં આવ્યું હતું. 19માંથી દસ સ્વાયત્ત સંસ્થાઓએ 2018-19 માટેના ચાલુ હિસાબો રજૂ કર્યા છે. જો કે, 207 સ્વાયત્ત સંસ્થાઓ/સત્તામંડળોના 2018-19 સુધીના રજુ કરવાપાત્ર 911 હિસાબો 31 જુલાઈ 2019 ની સ્થિતિએ PAG (E&RSA)[2] અને PAG (G&SSA)[3] ગુજરાતની કચેરીઓને મળ્યા ન હતા.

[2] પ્રધાન મહાલેખાકાર (આર્થિક અને મહેસૂલ ક્ષેત્ર ઑડિટ) ગુજરાત, અમદાવાદ

[3] પ્રધાન મહાલેખાકાર (સામાન્ય અને સામાજિક ક્ષેત્ર ઑડિટ) ગુજરાત, રાજકોટ

56 સ્વાયત્ત સંસ્થાઓ/સત્તામંડળોના પાંચ કરતાં વધારે વર્ષોના હિસાબો ચડત હતા. વાર્ષિક હિસાબો ન હોવાથી આ સંસ્થાઓ / સત્તામંડળોને ચૂકવવામાં આવેલા અનુદાન અને લોનનો હિસાબ/વપરાશની ઑડિટમાં ચકાસણી કરી શકાઈ ન હતી.

હિસાબો અને સ્વાયત્ત સંસ્થાઓના અલગ ઑડિટ અહેવાલો રજૂ કરવામાં વિલંબ

63 સ્વાયત્ત સંસ્થાઓ જે ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષક (ફરજો, સત્તાઓ અને સેવાની શરતો) અધિનિયમ, 1971 ની કલમ 19(2), 19(3) અને 20(1) હેઠળ ઑડિટને પાત્ર છે તેમાંથી માત્ર 14 સંસ્થાઓએ 2018-19 માટેના હિસાબો રજૂ કર્યા હતા. બાકીની 49 સંસ્થાઓ દ્વારા હિસાબો રજૂ કરવામાં થયેલો વિલંબ બે મહિનાથી 134 મહિના વચ્ચે રહ્યો હતો (ઑગષ્ટ 2019 સુધી).

વ્યક્તિગત થાપણ હિસાબો

31 માર્ચ 2019ના રોજ, 17 વિભાગો 484 વ્યક્તિગત થાપણ હિસાબો[4] જીલ્લા તિજોરીઓમાં ધરાવતા હતા જેમાં ₹ 581.01 કરોડની બંધ સિલક હતી જે નાણાંકીય વર્ષ પૂર્ણ થાય એ પહેલાં ભારતના એકત્રિત ભંડોળમાં તબદીલ કરવામાં આવી ન હતી.

2018-19 દરમિયાન તેર નવા વ્યક્તિગત થાપણ હિસાબો ખોલવામાં આવ્યા હતા અને 11 બંધ કરવામાં આવ્યા હતા. શિક્ષણ વિભાગ પાસે સૌથી વધુ વ્યક્તિગત થાપણ હિસાબો (145) હતા, ત્યારબાદ સામન્ય વહીવટ વિભાગ (74) અને કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ (53) હતા. 2018-19 દરમિયાન, રાજ્યના એકત્રિત ભંડોળમાંથી ₹ 1,610.57 કરોડ વ્યક્તિગત થાપણ હિસાબોમાં જમા કરવામાં આવ્યા હતા અને તેમાંથી ₹ 1,476.97 કરોડનો ખર્ચ કરવામાં આવ્યો હતો.

ઉપરાંત, 484 વ્યક્તિગત થાપણ હિસાબો પૈકી ₹ 1.70 કરોડની કુલ સિલક સાથેના 26 હિસાબો 31 માર્ચ 2019 ની સ્થિતિએ ત્રણ કરતાં વધુ વર્ષો માટે નિષ્ક્રિય હતા.

[4] મુખ્ય સદર-8443-106-સિવિલ ડિપોઝીટ્સ-પર્સનલ ડિપોઝીટ્સ

ગેરરીતિ, નુકસાન, ઉચાપત

રાજ્ય સરકારે ગેરરીતિ, નુકસાન, ઉચાપત વગેરેના ₹ 16.26 કરોડ જેટલા સરકારના નાણા (માર્ચ 2019 સુધી) સંકળાયેલા હતા એવા 164 કેસો જેમાં નિર્ણાયક પગલા બાકી હતા તેની જાણ કરી હતી.

164 કેસો પૈકી, નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠો અને કલ્પસર વિભાગ પાસે 23 કેસો અને મહેસૂલ વિભાગ પાસે 22 કેસો હતા જે 25 કરતાં વધારે વર્ષોથી પડતર હતા.

164 કેસો પૈકી 118 કેસોમાં પ્રથમદર્શી માહિતી અહેવાલ (એફ.આઈ.આર.) દાખલ કરવામાં આવ્યા હતા. બાકીના 46 કેસો[5] છ વિભાગોને લગતા હતા. તમામ 46 કેસોમાં ખાતાકીય કાર્યવાહી પ્રગતિમાં હતી. સંબંધિત વિભાગોએ આ કેસોમાં વહેલી તકે પ્રથમદર્શી માહિતી અહેવાલ દાખલ કરવા જોઈએ.

[5] વન અને પર્યાવરણ-20 કેસો, આરોગ્ય અને પરિવાર કલ્યાણ-01 કેસ, નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠો અને કલ્પસર-17 કેસો, માર્ગ અને મકાન-06 કેસો, મહેસૂલ-01 કેસ અને વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી-01 કેસ.

સામાન્ય અને સામાજિક ક્ષેત્ર પરનો ઑડિટ અહેવાલ

31 માર્ચ 2019ના રોજ પૂરા થતાં વર્ષ માટેના ઑડિટ રિપોર્ટ (સામાન્ય અને સામાજિક ક્ષેત્ર) ''ગુજરાતમાં આયુષની કામગીરી, ગુજરાતમાં માનસિક આરોગ્ય સંભાળ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના પ્રોજેક્ટ ઈમ્પ્લીમેંટેશન યુનિટની કામગીરી, પસંદગીની શહેરી સ્થાનિક સંસ્થાઓમાં મ્યુનિસિપલ ધન કચરાનું સંચાલન અને નિરાધાર વિધવાઓના પુન:વસવાટ માટે આર્થિક સહાય યોજનાઓનું અમલીકરણ એમ પાંચ થીમ બેઈઝ ફકરાઓ અને એક અનુપાલન ઑડિટ ફકરો રૂા. 27.90 કરોડની બિન-ઉપયોગી 335 ડિસઈન્ફેક્ટંટ જનરેશન સિસ્ટમ્સ'' સમાવિષ્ટ છે. જેની વિશિષ્ટતાઓ નીચેના ફકરાઓમાં દર્શાવેલ છે.

વિશિષ્ટતાઓ

- પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો (PHCs) સામૂહિક આરોગ્ય કેન્દ્રો (CHCs) તથા જિલ્લા હોસ્પિટલો (DHs) ખાતે આયુષ સેવાઓ ફાળવીને આયુષને મુખ્ય પ્રવાહમાં સમાવિષ્ટ કરવાનું કાર્ય આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ (H&FWD) દ્વારા કરાયું ન હતું.
- રાજ્યમાં આવેલ 33 જિલ્લાઓમાંથી આઠ જિલ્લાઓમાં આયુષ હોસ્પિટલો ઉપલબ્ધ ન હતી.
- નમૂનારૂપ ચકાસણી કરાયેલ હોસ્પિટલોમાં સ્થાપિત કરાયેલા 15 વેલનેસ સેન્ટરોમાંથી સાત સેન્ટર બિન-કાર્યરત હતા.
- નમૂના રૂપ ચકાસણી કરાયેલ 15માંથી 10 સરકારી આયુર્વેદિક હોસ્પિટલોમાં (GAHs) ઓપરેશન થિયેટરની (OTs) સુવિધાઓ કાં તો ઉપલબ્ધ જ ન હતી અથવા તો બિન-કાર્યરત હતી.
- માર્ચ 2019ની સ્થિતિએ, નમૂનારૂપ ચકાસણી કરાયેલા 15 GAHs માં 148 થી 251 જરૂરી દવાઓનો (EDs) સ્ટોક ઉપલબ્ધ ન હતો.
- ચકાસણી કરાયેલ હોસ્પિટલોમાં સાધનો/યંત્રો યા તો ઉપલબ્ધ જ ન હતા અથવા તો તે વણવપરાયેલા પડી રહ્યા હતા.
- ચકાસણી કરાયેલા GAHs તથા સરકારી હોમીઓપેથિક હોસ્પિટલમાં (GHH) રેસિડેન્ટ મેડિકલ ઓફિસરો, નર્સો, વૈદ્ય પંચકર્મ તથા ફાર્માસીસ્ટ જેવી ચાવી રૂપ જગ્યાઓની કમી જોવા મળી હતી.
- આયુષ મેડિકલ કૉલેજોમાં અભ્યાસક્રમનો પૂર્ણત: વ્યાપ શંકાસ્પદ જોવા મળ્યો હતો.

- નમૂનારૂપ ચકાસણી કરાયેલ છમાંથી ચાર સરકારી આયુર્વેદિક કોલેજોમાં (GACs) શૈક્ષણિક સ્ટાફની (પ્રાધ્યાપકો, રીડર્સ તતા વ્યાખ્યાતાઓ) કમી જોવા મળી હતી.
- નમૂનારૂપ ચકાસણી કરાયેલ બે સરકારી આયુર્વેદ ફાર્મસીઓમાં ઉત્પાદિત કરાયેલ ઔષધો, ગુણવત્તા-પરીક્ષણ કર્યા વગર જ પૂરા પાડવામાં આવતા હતા.
- નમૂનારૂપ ચકાસણી કરાયેલ 30 કિસ્સામાંથી 27 કિસ્સાઓમાં નોન-સ્ટાન્ડર્ડ ક્વાલિટી (NSQ) ઔષધો પાછા ખેંચવામાં આવ્યા ન હતા અને ઔષધો વપરાઈ ગયેલ માલૂમ પડ્યા હતા.
- ઑડિટમાં ખોરાક અને ઔષધ પરીક્ષણ લેબોરેટરી (FDL) દ્વારા ઔષધ નમૂનાઓના નિર્ધારિત પરીક્ષણો ન થતાં હોવાનું ધ્યાને આવ્યું હતું.
- મેન્ટલ હેલ્થકેર એકટ, 2017 લાગુ કરાયો હતો. જે મે-2020ની સ્થિતિએ મંજૂર કરવામાં આવ્યો ન હતો.
- માનસિક બિમારી રોકવા માટેનો અને માનસિક આરોગ્ય સેવાઓની વૃદ્ધિ માટે જિલ્લા માનસિક આરોગ્ય કાર્યક્રમનાં (DMHP) ઉદ્દેશ લક્ષિત અંકથી નીચો રહ્યો હતો.
- માનસિક આરોગ્ય સેવા આપતા વ્યવસાયિકોની તીવ્ર ઘટ જોવા મળી હતી.
- માનવ સંખ્યાબળના વિકાસ અને પ્રારંભિક નિદાન માટેનાં તાલીમ કાર્યક્રમ તેમજ માનસિક બિમારીનાં વ્યવસ્થાપન માટેની યોજનાઓ ઈચ્છિત પરિણામ આપી શકી નથી.
- નમૂનારૂપ ચકાસણી કરાયેલ બે DMHP એકમોમાં ઈનડોર સેવાઓ ઉપલબ્ધ ન હતી.
- સરકારે, માનસિક બિમારી ધરાવતા લોકો માટે પુનર્વસન કેન્દ્રની સ્થાપના કરી ન હતી.
- અમદાવાદ અને વડોદરાની HMHs માં વ્યવસાયિક ઉપચાર પદ્ધતિની કામગીરી પ્રશંસનીય હતી.
- પ્રોજેકટ ઈમ્પ્લિમેન્ટેશન યુનિટની (PIU) સંસ્થાકીય વ્યવસ્થા સુદ્રઢ ન હતી.
- PIU ના જિલ્લા એકમો માટે નિ:શુલ્ક બાંધકામ અને ઈલેકટ્રોનિક ઉપકરણો પૂરા પાડવાની શરતો PIU એ કોન્ટ્રાકટમાં અવિચારી રીતે સામેલ કરી હતી.
- કાર્યોની મંજૂરી માટે નિયત કરાયેલ ધોરણો સાવધાની પૂર્વક અનુસરવામાં આવતા ન હતા.
- કાર્યોની ડિઝાઈન અને અંદાજો યોગ્ય કાળજી સાથે તૈયાર કરવાં આવ્યા ન હતા.

- ટેન્ડર પ્રક્રિયામાં પારદર્શિતા અને ઔચિત્યનો અભાવ હતો.
- ખામી યુકત ડિઝાઈનને લઈ PIU એ ₹ 37.86 કરોડનો વધારાનો ખર્ચ કર્યો હતો.
- કુલ ₹ 196.94 કરોડના ખર્ચે બાંધવામાં આવેલ પાંચ બિલ્ડીંગ ઉપયોગમાં જ ન લેવાયા યા તો આંશિક રીતે ઉપયોગમાં લેવાયા હતા.
- ગુણવત્તા નિયંત્રણ (QC) ખામી યુકત હતું અને PIU નું નાણાંકીય સંચાલન સુદ્રઢ ન હતું.
- વિગતવાર પ્રોજેક્ટ અહેવાલોની તૈયારી અને મંજૂરીમાં નોંધપાત્ર વિલંબ જોવા મળ્યો હતો.
- સ્રોત પર જ કચરાનું વિભાજન અથવા સામગ્રીની પુન:પ્રાપ્તિની સુવિધાઓ સુનિશ્ચિત કરવામાં આવી ન હતી.
- ધન કચરો પર્યાવરણને પ્રતિકૂળ રીતે વહન કરવામાં આવતો હતો.
- ₹ 5.01 કરોડના ખર્ચે બાંધવામાં આવેલા ત્રણ સેનિટરી લેન્ડફિલ્સ જાન્યુઆરી 2013માં શરૂ થયા ત્યારથી હજુ સુધી ઉપયોગમાં લેવાતા ન હતો.
- એકત્રિત કરવામાં આવેલા કચરાના માત્ર 25 ટકા જ ULBs દ્વારા પ્રક્રિયા કરવામાં આવ્યા હતાં અને બાકીના 75 ટકા પ્રક્રિયા વગર ડમ્પસાઈટ્સ પર નાખવામાં આવ્યા હતા.
- મામલતદારોએ ઑડિટ દ્વારા ચકાસવામાં આવેલ અરજીઓમાંથી 75 ટકા અરજીઓ ચાર મહિનામાં જ સ્વીકાર/અસ્વીકાર કરવાનો નિર્ણય લીધો હતો.
- અરજીનો ખોટી રીતે અસ્વીકાર, પેન્શન શરૂ થવાની તારીખ નક્કી કરવામાં વિલંબ, પેન્શન બંધ કરવાની જોગવાઈઓના અનુપાલનમાં ખામીઓની ઘટનાઓ ધ્યાને આવી હતી.
- 43 ટકા અંદાજિત લાભાર્થીઓને તાલીમ આપવામાં આવી ન હતી.
- તાલીમ મેળવેલ અમુક લાભાર્થીઓને જ ટૂલકીટ વિતરીત કરવામાં આવી હતી.

1. ગુજરાતમાં આયુષની કામગીરી

ઑડિટમાં એવું જોવા મળ્યું હતું કે નમૂનારૂપ ચકાસણી કરાયેલ શૈક્ષણિક સરકારી આયુર્વેદિક હોસ્પિટલો (GAHs) તથા સરકારી હોમીઓપેથિક હોસ્પિટલએ (GHH) સેન્ટર કાઉન્સીલ ફોર ઈંડિયન મેડિસિન (CCIM) તથા સેન્ટર કાઉન્સીલ ફોર હોમેઓપેથીના (CCH) નિયમનોમાં નિર્ધારિત દર્દીઓની ન્યૂનતમ સંખ્યાની સામે વધુ

સંખ્યામાં દર્દીઓને આઉટ-પેશન્ટ વિભાગ (OPD) તથા ઈન-પેશન્ટ વિભાગ (IPD) સેવાઓ પૂરી પાડી હતી. આમ છતાં, ઑડિટ દરમિયાન નીચેની ખામીઓ જોવા મળી હતી.

નેશનલ હેલ્થ મિસન (NHM) તથા નેશનલ આયુષ મિશનમાં (NAM) પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો (PHCs), સામૂહિક આરોગ્ય કેન્દ્રો (CHCs) તથા જિલ્લા હોસ્પિટલો (DHs) ખાતે આયુષ સેવાઓ ફાળવીને આયુષને મુખ્ય પ્રવાહમાં સમાવિષ્ટ કરવાનું નિરધારવા આવ્યું હતું. આમ છતાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ (H&FWD) દ્વારા 1,474 PHCs માંથી માત્ર 911 PHCs માં જ આયુષ ડૉક્ટરોને કરાર-આધારિત નિમણૂંક આપી શકાઈ હતી, અને રાજ્યમાં આવેલ 363 CHCs તથા 24 DHs માં આયુષ ડૉક્ટરોને કોઈ જ નિમણૂંક કરવામાં આવી નથી. ફાર્મસીઓ થકી આયુષ ઔષધો તેમજ યંત્રો/સાધનોની પૂરતી સુવિધા પૂરા પાડવા માટેના વ્યવસ્થા તંત્રને સ્થાપિત કરવામાં આરોગ્ય કમિશ્નર કચેરી તથા આયુષ નિયામક કચેરી વચ્ચે સંકલનના અભાવે આ PHCs ના ડૉક્ટરો આયુષ સેવાઓ પૂરી પાડી શકયાં ન હતા.

રાજ્યમાં આવેલ 33 જિલ્લાઓમાંથી આઠ જિલ્લાઓમાં આયુષ હોસ્પિટલો ઉપલબ્ધ ન હતી. આયોજન કરાયેલ યોજનાઓ કાં તો હાથ ધરવામાં આવી ન હતી અથવા તો પૂર્ણ કરાયેલ યોજનાઓને ઉપયોગમાં લેવામાં આવતી ન હતી. જેમાં આયુષ સેવાઓની સુવિધા વિનાના બે જિલ્લાઓમાં GAHs ની સ્થાપના કરવા માટે આયોજન કરાયેલી યોજનાઓ સામેલ હતી. નમૂનારૂપ ચકાસણી કરાયેલ હોસ્પિટલોમાં સ્થાપિત કરાયેલ 15 વેલનેસ સેન્ટરોમાંથી સાત સેન્ટર બિન કાર્યરત હતા. વર્ષ 2014-19ના સમયગાળા દરમિયાન H & FWD ની કુલ અંદાજપત્રીય જોગવાઈઓમાંથી સરેરાશ માત્ર 3.97 ટકા જ આયુષ માટે ફાળવવામાં આવી હતી. NAM અંતર્ગત ગુજરાત સરકારને ભારત સરકાર તરફથી પ્રાપ્ત અનુદાનના માત્ર 56 ટકાનો જ વપરાશ થઈ શકયો હતો. નમૂનારૂપ ચકાસણી કરાયેલા 15 GAHs માંથી 10 GAHsમાં OTsની સુવિધાઓ કાં તો ઉપલબ્ધ જ ન હતી અથવા તો બિન કાર્યરત હતી. નમૂનારૂપ ચકાસણી કરાયેલ હોસ્પિટલોમાં OTs, લેબોરેટરીઓ તથા ડાયગ્નોસ્ટિક એકમો માટે CCIM તથા CCH નિયમનોમાં નિર્ધારિત કરાયેલા સાધનો કાં તો ઉપલબ્ધ જ ન હતા અથવા તો તે વણવપરાયેલા પડી રહ્યા હતા. નિષ્ણાત વૈદ્યની ગેરહાજરીને કારણે નમૂનારૂપ ચકાસણી કરાયેલા હૉસ્પિટલોના નમૂનારૂપ ચકાસણી કરાયેલા થેલેસેમિયા સ્પેશિયાલિટી ક્લિનિકસમાં થેલેસિમિયાની સારવાર લેતા દર્દીઓની સંખ્યામાં ઘટાડાનું વલણ જોવા મળ્યું હતું. માર્ચ 2019ની સ્થિતિએ, નમૂનારૂપ ચકાસણી કરાયેલ 15 GAHs માં

148 EDs થી 251 EDs નો સ્ટોક ઉપલબ્ધ ન હતો. નમૂનારૂપ ચકાસણી કરાયેલ કેટલીક હોસ્પિટલોમાં સાધનો/યંત્રો કાં તો વણવપરાયેલ પડી રહ્યા હતા અથવા તો વપરાશ ન કરી શકાય તેવી સ્થિતિમાં જોવા મળ્યા હતા. નમૂનારૂપ ચકાસણી કરાયેલ GAHs તથા GHH માં રેસિડેન્ટ મેડિકલ ઓફિસરો, નર્સો, વૈદ્ય પંચકર્મ તથા ફાર્મસીસ્ટ જેવી ચાવી રૂપ જગ્યાઓની કમી જોવા મળી હતી. નમૂનારૂપ ચકાસણી કરાયેલ 32 આયુર્વેદ તથા હોમીઓપેથી દવાખાનામાંથી પાંચ દવાખાનાઓ મેડિકલ ઓફિસર વગર કાર્યરત હતા.

આયુષ મેડિકલ કૉલેજોમાં અભ્યાસક્રમનો પૂર્ણત: વ્યાપ શંકાસ્પદ જોવા મળ્યો હતો કેમકે થીયરી તથા પ્રેક્ટિકલ એમ બંનેના સત્રો માટે અપાયેલ ખરેખર શૈક્ષણિક કલાકો, CCIM નિયમનો, 2016 અંતર્ગત નિર્ધારિત શૈક્ષણિક કલાકો કરતાં ઘણા જ ઓછા હતા. નમૂનારૂપ ચકાસણી કરાયેલ GACsમાં થીયરી તથા પ્રેક્ટિકલ વિષયોની નિર્ધારિત 75 ટકા હાજરી અનુક્રમે માત્ર 43 ટકા વિદ્યાર્થીઓએ તથા 54 ટકા વિદ્યાર્થીઓ જ ધરાવતા હતા. નમૂનારૂપ ચકાસણી કરાયેલ છ GACs માંથી ચાર GACs માં શૈક્ષણિક સ્ટાફની (પ્રાધ્યાપકો, રીડર્સ તથા વ્યાખ્યાતાઓ) કમી જોવા મળી હતી. શિક્ષણના નિર્ધારિત કલાકો પૂર્ણ ન કરવા, વિદ્યાર્થીઓ માટેના વર્ગોમાં આવશ્યક હાજરીનો અભાવ, તથા શૈક્ષણિક સ્ટાફની કમી હોવાની ઉપરોક્ત હકીકતોની રાજ્યમાં બેચરલર ઓફ આયુર્વેદિક મેડિસિન એન્ડ સર્જરીમાં (BAMS) વિદ્યાર્થીઓની સફળતાની ટકાવારી ઉપર વિપરીત અસર પાડી હતી, કેમ કે પરીક્ષામાં 45 ટકા વિદ્યાર્થીઓ નિષ્ફળ રહ્યા હતા. નમૂનારૂપ ચકાસણી કરાયેલ કૉલેજોમાંથી કોઈ પણ કૉલેજ પાસે ઔષધો/દવાઓ તૈયાર કરવાની પ્રેક્ટિકલ તાલીમ પૂરી પાડવા માટે શૈક્ષણિક ફાર્મસી તથા ગુણવત્તા પરીક્ષણ લેબોરેટરીની સુવિધા ઉપલબ્ધ ન હતી. નમૂનારૂપ ચકાસણી કરાયેલ બે કૉલેજો કે જે પોસ્ટ ગ્રેજ્યુએટ (PG) કોર્સ પૂરા પાડતી હતી, તેમાં PG કોર્સ માટેની આંતરિક સેન્ટ્રલ રિસર્ચ લેબોરેટરી (CRL) સુવિધા ઉપલબ્ધ ન હતી.

નમૂનારૂપ ચકાસણી કરાયેલ બે સરકારી આયુર્વેદ ફાર્મસીઓમાં ઉત્પાદિત કરાયેલ ઔષધો, ગુણવત્તા-પરીક્ષણ કર્યા વગર જ પૂરા પાડવામાં આવતા હતા. ઓઢવ, અમદાવાદ ખાતેની કો-ઓપરેટીવ ફાર્મસી માન્ય લાઈસન્સ વગર જ ઔષધો ઉત્પાદિત કરીને પૂરા પાડતી હતી. નમૂનારૂપ ચકાસણી કરાયેલ ફાર્મસીઓમાંથી કોઈ પણ ફાર્મસી ઔષધોની સમાપ્તિ તારીખ દર્શાવતી ન હતી. નમૂનારૂપ ચકાસણી કરાયેલ જિલ્લાઓના ડ્રગ ઈન્સ્પેકટરો આયુર્વેદ તથા હોમીયોપેથ ઔષધોના તમામ ઉત્પાદનકર્તા એકમોના

નિર્ધારિત નિરીક્ષણો કરવામાં નિષ્ફળ રહ્યા હતા. વર્ષ 2014-19 દરમિચયાન પરીક્ષણ કરાયેલ આયુષ ઔષધોના 1,520 નમૂનાઓમાંથી 87 નમૂનાઓ પ્રમાણભૂત ગુણવત્તા વગરના-નોટ ઓફ સ્ટાન્ડર્ડ ક્વોલિટી (NSQ) ના જોવા મળ્યા હતા. નમૂનારૂપ ચકાસણી કરાયેલ 30 કિસ્સાઓમાંથી 27 કિસ્સાઓમાં NSQ ઔષધો પાછા ખેંચવામાં આવ્યા ન હતા અને ઔષધો વપરાઈ ગયેલ માલૂમ પડ્યા હતા. ઑડિટમાં FDL દ્વારા ઔષધ નમૂનાઓના પરીક્ષણમાં થતાં વિલંબ તેમજ નિર્ધારિત પરીક્ષણો ન થતાં હોવાના કિસ્સાઓમાં જોવા મળ્યા હતા. ડ્રગ અને કોસ્મેટિક (D&C) નિયમો કે જે આયુર્વેદ, સિધ્ધા અને યુનાનીની (ASU) ન્યૂનતમ લાયકાત નિર્ધારિત કરે છે, તેની વિરુદ્ધ ગુજરાત સરકારે રાજ્યમાં હયાત એલોપથિક ડ્રગ ઈન્સ્પેકટરો તથા વિશ્લેષકોને આયુષ જાહેર કર્યા હતા.

છ વર્ષ કરતાં પણ વધુ સમય વિતી ગયો હોવા છતાં સેન્ટર ઓફ એકસેલન્સ (CoE) તેને સોંપેલ સંશોધનની પાંચ પ્રવૃત્તિઓ પૂર્ણ કરી શકયું ન હતું. NAM અંતર્ગતની સંશોધન યોજનાઓ પૂર્ણ થયેલ ન હતી. વર્ષ 2014-19 દરમિયાન DAOs દ્વારા આયુષ દવાખાનાઓના નિરીક્ષણમાં કમી જોવા મળી હતી.

2. ગુજરાતમાં માનસિક આરોગ્ય સંભાળ

રાષ્ટ્રીય માનસિક આરોગ્ય સર્વેક્ષણ (2015-16) મુજબ 13 વર્ષથી વધુ વયની કુલ વસ્તીનાં 7.40 ટકા લોકો એક અથવા વધુ માનસિક અસ્વસ્થતાથી અસરગ્રસ્ત છે. ગુજરાતમાં આત્મહત્યાના બનાવનો દર પ્રતિ લાખ વસ્તીએ રાષ્ટ્રીય સ્તર (10.60) કરતાં વધારે (11.70) જોવા મળ્યો હતો. ઑડિટમાં નીતિઓ, યોજના અને વહીવટી પ્રતિભાવમાં ઉણપ જણાઈ હતી, કારણ કે (i) 2009માં તૈયાર કરાયેલ રાષ્ટ્રીય માનસિક આરોગ્ય નીતિ, મે-2020ની સ્થિતિએ મંજૂર થયેલ ન હતી, (ii) નિર્ધારિત પ્રવૃત્તિઓ માટે એકશન પ્લાન તૈયાર ન હતો, (iii) માસિક આરોગ્ય સેવાઓ માટે રાજ્યનાં આરોગ્યલક્ષી બજેટના માત્ર 0.50 ટકા ફાળવવામાં આવ્યા હતાં, (iv) GoI દ્વારા માનસિક આરોગ્ય સંભાળ અને સેવા પૂરી પાડવા અને માનસિક બિમારી ધરાવતી વ્યક્તિઓની સુરક્ષા, પ્રોત્સાહન અને તેમનાં હક્કોને પૂર્ણ કરવા માટે મેન્ટલ હેલ્થકેર એકટ 2017 લાગુ કરાયો હતો. જેનો મે-2020ની સ્થિતિએ અમલ કરવામાં આવ્યો ન હતો. માનસિક બિમારીના નિવારણ અને માનસિક આરોગ્ય સંભાળ સેવાઓનાં પ્રોત્સાહન માટે જિલ્લા માનસિક આરોગ્ય કાર્યક્રમના (DMHP) ઉદ્દેશ, આયોજનમાં ખામીઓ, જાગૃતિ અભિયાનનો અમલ અને લક્ષિત હસ્તક્ષેપને કારણે હજુ સુધી પ્રાપ્તિ હેઠળ છે. તમામ ચાર માનસિક આરોગ્ય માટેની હોસ્પિટલો અને DMHP એકમોમાં માનસિક આરોગ્ય વ્યવસાયિકોની તીવ્ર અછત ધ્યાનમાં આવેલ. માનવ સંખ્યાબળનાં વિકાસ અને પ્રારંભિક

નિદાન માટેનાં તાલીમ કાર્યક્રમ તેમજ માનસિક બિમારીનાં વ્યવસ્થાપન માટેની યોજનાઓ અસરકારક આયોજન અને અમલના અભાવે ઈચ્છિત પરિણામ આપી શકી નથી. જેને પરિણામે PHCs નાં સ્તરે માનસિક આરોગ્ય સંભાળ પ્રાથમિક આરોગ્ય સંભાળ સાથે સંકલિત કરી શકાતી નથી અને CHCs નાં સ્તરે આંશિકપણે સંકલિત કરાયેલ હતી. પસંદ કરાયેલ બે DMHP એકમોમાં મનોચિકિત્સક અને સ્વતંત્ર વોર્ડની બિન ઉપલબ્ધતાને કારણે ઈનડોર સેવાઓ ઉપલબ્ધ ન હતી. સામાજિક, સાયકોલોજિકલ ક્લિનિકલ અને મનોચિકિત્સા સારવાર માટે વિકસાવેલ રૂપરેખા HMH, અમદાવાદ સિવાયની HMHs માં આંશિક રીતે અનુસરવામાં આવતી હતી. સરકારે, માનસિક બિમારી ધરાવતા લોકો માટે પુનર્વસન કેન્દ્રની સ્થાપના કરી ન હતી. પુનર્વસન કેન્દ્રની ગેરહાજરીમાં માનસિક આરોગ્ય માટેની હોસ્પિટલોમાં રજા આપવા લાયક 131 દર્દીઓ 1 થી 5 વર્ષ સુધી દુ:ખી થઈ રહ્યા હતાં. અમદાવાદ અને વડોદરાની HMHs માં વ્યવસાયિક ઉપચાર પદ્ધતિની કામગીરી પ્રશંસનીય, પરંતુ ભૂજ અને જામનગરની HMHs માં ઉણપ જણાઈ હતી. ઑડિટમાં ભટકતા દર્દીઓનાં બચાવ અને સારવાર માટે આધાર હેલ્પલાઈન સેવાની સ્થાપના અને નિયમસરની/સંસ્થાકીય મનોચિકિત્સા સારવાર પૂરા પાડવાની સાથોસાથ શ્રદ્ધાથી તંદુરસ્ત બનાવવાનો દવા અને દુવાનો ખ્યાલ પ્રશંસનીય જોવા મળ્યો હતો.

3. આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના પ્રોજેક્ટ ઈમ્પ્લિમેન્ટેશન યુનિટની કામગીરી

રાજ્ય સરકારે જાહેર આરોગ્ય કાળજીની સુવિધાઓ માટે નવા બાધકામ કાર્યો (ફેબ્રુઆરી 2006) અને જાળવણી તથા સમારકામના (M&R) કાર્યો (મે 2012) PIU ની યોગ્ય સ્થાપના વગર જ સોંપ્યા હતા. કાર્યબોજને પહોંચી વળળા PIUને ગુજરાત સ્ટેટ હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ કોર્પોરેશન (GSHIDC) માં ફેરવવાનો નિર્ણય (ઓકટોબર 2008) જુલાઈ 2020 સુધી અમલમાં મૂકી શકાયો ન હતો. PIU ની સંસ્થાકીય વ્યવસ્થા (i) નિયમો અને કાર્ય પદ્ધતિઓનું માળખું (ii) ગુણવત્તા નિયંત્રણ પ્રણાલી અને (iii) હિસાબો ઑડિટિંગ અને નાણાંકીય વ્યવસ્થાપન પ્રણાલીના સંદર્ભમાં સદ્રઢ ન હતી. "PIU ના જિલ્લા એકમો માટે નિ:શુલ્ક બાંધકામ'' અને ''ઈલેકટ્રોનિક ઉપકરણઓ પૂરા પાડવા'' ની શરતો PIU એ કોન્ટ્રાકટમાં અવિચારી રીતે સામેલ કરી હતી. આ કલમો ન તો કોન્ટ્રાકટ માટેના મૂળભૂત સિદ્ધાંતો સાથે સુસંગત ન હતી કે ન તો સમાનતા સાથે અમલમાં મૂકવામાં આવ્યા હતા. કાર્યોની મંજૂરી માટે નિયત કરાયેલ ધોરણો સાવધાની પૂર્વક અનુસરવામાં આવતા ન હોવાને લઈ, નડતર વગરની જગ્યાઓ ન ફાળવવાને કારણે મંજૂર કરાયેલ 6,504 માંથી 2,160 કાર્યો (33 ટકા) હાથ ધરી શકાયા ન હતા. કાર્યોની ડિઝાઈન અને અંદાજો યોગ્ય કાળજી સાથે તૈયાર

કરવામાં આવ્યા ન હતા. ટેન્ડરો મંગાવવાની, બોલી પ્રસ્તુત કરવા માટેનો સમય, પૂર્વ-લાયક બોલીનું મૂલ્યાંકન વિગેરે જોગવાઈઓનું અનુકરણ ન કરવાને લીધે ટેન્ડર પ્રક્રિયામાં પારદર્શિતા અને ઔચિત્યનો અભાવ હતો. ખામી યુક્ત ડિઝાઈનને લઈને PIU એ ₹ 37.86 કરોડનો વધારાનો ખર્ચ કર્યો હતો. કુલ ₹ 196.94 કરોડના ખર્ચે બાંધવામાં આવેલ પાંચ બિલ્ડીંગ ઉપયોગમાં જ ન લેવાયા યા તો આંશિક રીતે ઉપયોગમાં લેવાયા હતા. ગુણવત્તા નિયંત્રણ (QC) ખામી યુક્ત હતું. QC ટીમ દ્વારા 68 ટકા કાર્યોનું નિરિક્ષણ કરવામાં આવ્યું ન હતું. ભંડોળના સંચાલન માટે ટ્રેઝરી રૂલ્સ ન અનુસરવા અને ખામીયુક્ત હિસાબ પ્રણાલીને લઈ PIU નું નાણાંકીય સંચાલન સુદ્રઢ ન હતું.

4. પસંદગીની શહેરી સ્થાનિક સંસ્થાઓમાં મ્યુનિસિપલ ઘન કચરાનું સંચાલન

ઑડિટમાં ચકાસણી કરતાં પસંદગીની શહેરી સ્થાનિક સંસ્થામાં મ્યુનિસિપલ ઘન કચરાના સંચાલનની વિગતવાર પ્રોજેક્ટ અહેવાલોની તૈયારી ને મંજૂરીમાં નોંધપાત્ર વિલંબ જોવા મળ્યો, જેના પગલે અર્બન લોકલ બોડીઝ (ULBs) દ્વારા માત્ર 22 ટકા ભંડોળનો (માર્ચ 2020) ઉપયોગ કરવામાં આવ્યો અને સ્વચ્છ ભારત મિશન - અર્બન (SBM-U) હેઠળના સોલીડ વેસ્ટ મેનેજમેંટ (SWM) પ્રોજેક્ટના અમલમાં વિલંબ થયો.

ULBs દ્વારા કચરો ઉત્પન્ન થવાના અંદાજ માટે અપનાવવામાં આવેલી પદ્ધતિઓ ન તો સમાન હતી કે ન તો સેંટ્રલ પબ્લિક હેલ્થ એન્ડ એન્વાયરમેન્ટલ ઍંજિનિયરિંગ ઓર્ગેનાઈઝેશન (CPHEEO) મેન્યુઅલ, 2016માં સૂચવેલ પદ્ધતિને અનુરૂપ હતી. સ્રોત પર કચરાનું વિભાજન અથવા સામગ્રીની પુન:પ્રાપ્તિની સુવિધાઓ સુનિશ્ચિત કરવામાં આવી ન હતી. ઘન કચરો પર્યાવરણને પ્રતિકૂળ રીતે વહન કરવામાં આવતો હતો. બાયો-ડિગ્રેડેબલ કચરાની પ્રક્રિયા માટે ULBs સાથે ઉપલબ્ધ સુવિધાઓ કાં તો કાર્યકારી સ્થિતિમાં નહોતી અથવા આનો શ્રેષ્ઠ રીતે ઉપયોગ કરવામાં આવી રહ્યો ન હતો.

₹ 5.01 કરોડના ખર્ચે બાંધવામાં આવેલા ત્રણ સેનિટરી લેન્ડફિલ્સનો ઉપયોગ લેન્ડફિલ પર પ્રોસેસિંગ સુવિધાઓ ઉપલબ્ધ ન હોવાને કારણે જાન્યુઆરી, 2013માં શરૂ થયા પછી થઈ શકયો ન હતો. એકત્રિત કરવામાં આવેલા કચરાના માત્ર 25 ટકા જ ULBs દ્વારા પ્રક્રિયા કરવામાં આવ્યા હતાં અને બાકીનાં 75 ટકા પ્રક્રિયા વગર ડમ્પસાઈટ્સ પર નાખવામાં આવ્યા હતા. લેન્ડફિલ્સ/ડમ્પસાઈટ્સના સંચાલન સંદર્ભે ULBs દ્વારા SWM નિયમો, 2016ની જોગવાઈઓનું પાલન નબળું હતું.

5. નિરાધાર વિધવાઓના પુન:વસવાટ માટે આર્થિક સહાય યોજનાઓનું અમલીકરણ

નિરાધાર વિધવાઓના પુન:વસવાટ માટે રાજ્ય સરકારે પોતાની આર્થિક સહાય યોજના (DWPS) ચાલુ રાખી હતી તથા ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વિધવા પેન્શન (IGNWPS) હેઠળ આપવામાં આવેલ કેન્દ્રિય સહાયનો પોતાની યોજના માટે ઉપયોગ કર્યો હતો. માર્ચ 2019ની સ્થિતિએ 1,53,914 લાભાર્થીઓને આ યોજના હેઠળ આવરી લેવાયા હતા. વર્ષ 2015-19 દરમિયાન પાત્રતા ધરાવતા લાભાર્થીઓને પેન્સન આપવા ₹ 801.87 કરોડનો ખર્ચ કરવામાં આવ્યો હતો.

નમૂના તપાસ કરાયેલ મામલતદારોના કાર્યાલયમાં ઑડિટ દ્વારા ચકાસવામાં આવેલ અરજીઓમાંથી 75 ટકા અરજીઓ ચાર મહિનામાં જ સ્વીકાર/અસ્વીકાર કરવાનો નિર્ણય કર્યો હતો. યોજનાનું અમલીકરણ સુદ્રઢ જોવા મળ્યું ન હતું કારણ કે નમૂનારૂપ તપાસ કરેલ મામલતદાર કચેરીઓમાં અરજીનો ખોટી રીતે અસ્વીકાર, પેન્શન શરૂ થવાની તારીખ નક્કી કરવામાં વિલંબ, મૃત્યુ અને પુન: વિવાહના કારણે પેન્શન બંધ કરવાની જોગવાઈઓના અનુપાલનમાં ખામીઓની ઘટનાથી યોજના મુકત રહી શકી ન હતી. 18 થી 40 વર્ષની વયના લાભાર્થીઓને આત્મનિર્ભર બનાવવા વોકેશનલ ટ્રેનીંગ અપાઈ હતી. જો કે 43 ટકા અંદાજિત લાભાર્થીઓને તાલીમ આપવામાં આવી ન હતી અને તાલીમ મેળવેલ અમુક લાભાર્થીઓને ટૂલકીટ વિતરણ કરવામાં આવી હતી.

6. ₹ 27.90 કરોડની બિન-ઉપયોગી 335 ડિસન્ફેકટંટ જનરેશન સિસ્ટમ્સ

₹ 27.90 કરોડની 335 ડિસઈન્ફેકટંટ સિસ્ટમ્સની પ્રાપ્તિ, ઈ-પ્રાપ્તિ પ્રક્રિયાને અનુસર્યા વિના અને આવશ્યક ઈન-પુટ સોલ્યુશનના નિયમિત પુરવઠાની ખાતરી ન કરવા અને તેના જાળવણીના પરિણામરૂપે બધી 335 સિસ્ટમ્સ બિન-ઉપયોગી અને બિન-કાર્યશીલ રહી.

આર્થિક અને મહેસૂલ ક્ષેત્ર પરનો ઑડિટ અહેવાલ

આર્થિક અને મહેસૂલ ક્ષેત્ર ઑડિટ અહેવાલના બે ભાગ છે. ભાગ - I માં આર્થિક ક્ષેત્રને આવરી લેતા ત્રણ પૂર્તતા ઑડિટ ફકરાઓ છે. ભાગ - II માં મહેસૂલ ક્ષેત્રને આવરી લેતા 25 ફકરાઓ અને ₹ 393.12 કરોડના એક કામગીરી ઑડિટનો સમાવેશ થાય છે.

I. આર્થિક ક્ષેત્ર

પૂર્તતા ઑડિટ

આ અહેવાલના પ્રકરણ II માં કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ હેઠળ ''જૂનાગઢ કૃષિ વિશ્વવિદ્યાલયની કામગીરી'', ઉદ્યોગ અને ખાણ વિભાગ હેઠળ ''અગરીયાઓના કલ્યાણ માટેની યોજનાનું અમલીકરણ'' અને વન અને પર્યાવરણ વિભાગ હેઠળ ''વળતર વનીકરણ'' એમ વિભાગવાર ત્રણ વિષય વિશિષ્ટ અનુપાલન ઑડિટના તારણો નીચે મુજબ વર્ણવ્યા છે.

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

જૂનાગઢ કૃષિ વિશ્વવિદ્યાલયની કામગીરી

જૂનાગઢ કૃષિ વિશ્વવિદ્યાલય શિક્ષણ, સંશોધન અને વિસ્તરણ શિક્ષણના ત્રણ પાસાઓમાં કૃષિ અને સંલગ્ન ક્ષેત્રને ટેકો પૂરો પાડવા માટે, 01 મે 2004 ના રોજ અસ્તિત્વમાં આવી હતી. જૂનાગઢ કૃષિ વિશ્વવિદ્યાલયનો આધિકાર ક્ષેત્ર સૌરાષ્ટ્રના (પશ્ચિમ ગુજરાત) દસ જિલ્લાઓ છે, જેમાં રાજ્યના કુલ ભૌગોલિક વિસ્તારના આશરે 32.74 ટકા અને વાવેતર વિસ્તારના 30.30 ટકાનો સમાવેશ થાય છે.

જૂનાગઢ કૃષિ વિશ્વવિદ્યાલયમાં આઠ મહાવિદ્યાલયો, સાત કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અને 31 સંશોધન મથકો છે અને તેમના દસ્તાવેજોની તપાસ વિશ્વવિદ્યાલય કક્ષાએ કરવામાં આવી હતી. તદુપરાંત, ત્રણ મહાવિદ્યાલયો અને ત્રણ કૃષિ વિજ્ઞાન કેન્દ્રની વિગતવાર ચકાસણી માટે પસંદગી કરવામાં આવી હતી.

જૂનાગઢ કૃષિ વિશ્વવિદ્યાલયે રાષ્ટ્રીય કૃષિ શિક્ષણ માન્યતા બોર્ડમાં માન્યતા માટેની અરજી વિલંબથી કરી હતી, જેના કારણે બે મહાવિદ્યાલયોને બે વર્ષ દરમિયાન ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ તરફથી અનુદાન મળ્યું ન હતું. જૂનાગઢ કૃષિ વિશ્વવિદ્યાલયની તમામ મુખ્ય 44 ઈમારતોમાં, અગ્નિ સલામતી પદ્ધતિઓનું પરિપાલન અને રાષ્ટ્રીય નિર્માણ સંહિતા મુજબ અપંગ / દિવ્યાંગ વ્યક્તિઓ માટેની વિશેષ જોગવાઈઓ નહિવત હતી. 2016-19ના સમયગાળા દરમિયાન જૂનાગઢ કૃષિ વિશ્વવિદ્યાલયના ઉત્તીર્ણ

થયેલા અને નિયુક્તિ માંગનાર વિદ્યાર્થીઓની નિમણૂંક 100 ટકાથી ઘટીને 48.63 ટકા થઈ ગઈ હતી.

જૂનાગઢ કૃષિ વિશ્વવિદ્યાલયે, તેની સ્થાપનાથી (2004), 67 પાકની જાતો વિકસાવી અને ખેડૂતો માટે 354 ભલામણો કરી હતી. સૌરાષ્ટ્રના બે મુખ્ય પાક એટલે કે મગફળી અને કપાસમાંથી, મગફળીની બાબતમાં 12 જાતો વિકસાવીને અને 82 ભલામણો કરીને જૂનાગઢ કૃષિ વિશ્વવિદ્યાલયે પ્રશંસનીય કામગીરી કરી છે. કપાસની બાબતમાં, જો કે જૂનાગઢ કૃષિ વિશ્વવિદ્યાલયે ખેડૂતો માટે 39 ભલામણો કરી છે, પરંતુ ફક્ત ત્રણ જાતો જ વિકસાવી છે. જૂનાગઢ કૃષિ વિશ્વવિદ્યાલયે 2004-19 દરમિયાન 39 પ્રૌદ્યોગિકીઓ વિકસાવી હતી, તેમાથી પાંચ પ્રૌદ્યોગિકીઓના પેટન્ટ માટેની અરજી કરવામાં આવી હતી. આ 39 પ્રૌદ્યોગિકીઓના વ્યાપારીકરણ અથવા તેના પ્રસાર માટે કોઈ પ્રયત્નો કરવામાં આવ્યા નથી. જૂનાગઢ કૃષિ વિશ્વવિદ્યાલય દ્વારા પ્રકાશિત 67 પાક જાતોમાંથી ફક્ત 20 પાકની જાત અને ખેડૂત અધિકાર સંરક્ષણ (PPV&FR) અધિનિયમ, 2001 હેઠળ નોંધણી કરવામાં આવી હતી, જેના પરિણામે PPV&FR અધિનિયમ હેઠળ સંરક્ષણ અવધિમાં નુકસાન થયું હતું. જૂનાગઢ કૃષિ વિશ્વવિદ્યાલય પાંચ જંતુનાશકોનું ઉત્પાદન કરી રહ્યું છે. જો કે કેન્દ્રિય જંતુનાશક મંડળ અને નોંધણી સમિતિ (CIB&RC) તરફથી નોંધણી માત્ર એક જંતુનાશક દવા માટે મળી હતી અને રાજ્ય પરવાના અધિકારીઓ પાસેથી ઉત્પાદન માટેના પરવાના કોઈપણ જંતુનાશક દવા માટે લેવામાં આવ્યા ન હતા. જૂનાગઢ કૃષિ વિશ્વવિદ્યાલયના અધ્યાપકોએ 2014-19 દરમિયાન 2,122 સંશોધન લેખો પ્રકાશિત કર્યા હતા, જો કે, તેમાંના મોટા ભાગનાનું અન્યો દ્વારા અવતરણ નબળું હતું અને તે ઓછા પ્રભાવ પરિબળ ધરાવતા સામયિકોમાં પ્રકાશિત થયા હતા. જૂનાગઢ કૃષિ વિશ્વવિદ્યાલયના 237 અધ્યાપકોની તપાસણી દરમ્યાન એવું જાણવા મળ્યું કે ફક્ત પાંચમાં i-10 સૂચકાંક અને h- સૂચકાંક 10થી વધુ હતો જે દર્શાવે છે કે મોટા ભાગના અધ્યાપકોનું પ્રકાશન કાર્ય સંતોષકારક નથી.

જૂનાગઢ કૃષિ વિશ્વવિદ્યાલય છ જિલ્લાઓમાં સાત કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા વિસ્તરણ શિક્ષણ આપે છે. જૂનાગઢ અને દેવભૂમિ દ્વારકામાં કોઈ કૃષિ વિજ્ઞાન કેન્દ્રની સ્થાપના કરવામાં આવી નથી. તદુપરાંત, જૂનાગઢ કૃષિ વિશ્વવિદ્યાલય દ્વારા વિકસિત 67 પાકની જાતોમાંથી ફક્ત 22 જાતોના પ્રથમ હરોળનું નિદર્શન હાથ ધરવામાં આવ્યું હતું અને જૂનાગઢ કૃષિ વિશ્વવિદ્યાલય દ્વારા વિકસિત 19 કૃષિ ઉપકરણો માટે કોઈ પ્રથમ હરોળનું નિદર્શન હાથ ધરવામાં આવ્યું ન હતું.

જૂનાગઢ કૃષિ વિશ્વવિદ્યાલયે વધારાના ભંડોળનું ગુજરાત રાજ્ય નાણાંકીય સેવાઓ લિમિટેડમાં રોકાણ માટેનું ગુજરાત સરકારના નિર્દેશોનું પાલન કર્યું નથી અને જાહેર ક્ષેત્રની બેંકોમાં ₹ 57.23 કરોડનું રોકાણ કર્યું હતું.

અગરીયાઓના કલ્યાણ માટેની યોજનાનું અમલીકરણ

ગુજરાત દેશમાં મીઠાના સૌથી વધારે ઉત્પાદન કરતું રાજ્ય છે જે દેશના કુલ ઉત્પાદનના આશરે 81 ટકા ઉત્પાદન કરે છે. ગુજરાતમાં લગભગ 1.10 લાખ અગરીયાઓ છે જે સ્વતંત્ર સીમાન્ત મીઠાના ઉત્પાદક છે અથવા મીઠાના ભાડાપટ્ટા ધારકો દ્વારા રોજગારીમાં રખાયેલ મજૂરો છે. અગરીયાઓ દૂરના શુષ્ક, રેતાળ રણ વિસ્તાર અથવા દરિયાકાંઠા વિસ્તારોમાં મીઠાના અગરોમાં તેમના કુટુંબીજનો સાથે રહે છે. રણ વિસ્તારોની વિશિષ્ટ ભૌગોલિક પરિસ્થિતિ, મીઠાના શ્વસન ના કરી શકાય તેવા કણો, રજ વગેરે સાથે તેમનો સતત સંસર્ગ તથા મીઠાના સ્ફટિક પરથી પરાવર્તિત થયેલ સૂર્યના કિરણોથી તેમની આંખોનું અંજાઈ જવું વગેરેને કારણે તેમના આરોગ્યને ઘણું નુકસાન પહોંચાડે છે. વિવિધ સંશોધન અહેવાલોમાં અગરિયાઓની ચિંતાજનક પરિસ્થિતિ અને મૂળભૂત સુવિધાઓ જેવી કે પીવાનું પાણી, ખોરાક, રહેઠાણ, આરોગ્ય અને શિક્ષણનો અભાવ વિષે વિગતવાર દર્શાવવામાં આવ્યું છે.

સાત જિલ્લાઓમાં કે જ્યાં 2014-19ના સમયગાળા દરમિયાન કલ્યાણકારી કાર્યો થયા હતા તેમાં અગરિયાઓ માટેની કલ્યાણકારી યોજનાના અમલીકરણનું ઑડિટ કરવામાં આવ્યું હતું. અગરિયાઓને કઈ સુવિધાઓ ઉપલબ્ધ છે અને કઈ સુવિધાની જરૂરિયાત છે તે જાણવા કોઈ વિસ્તૃત સુવિધા મોજણી થઈ નહોતી. અગરિયાઓ માટેની કલ્યાણકારી યોજના હાથ ધરવામાં આવી હતી તેમાં સાકલ્યવાદી અભિગમનો અભાવ હતો અને છૂટક છૂટક કાર્યો, કામચલાઉ ધોરણે હાથ ધરવામાં આવ્યા હતા. પાંચ વર્ષના સમયગાળામાંથી ત્રણ વર્ષોમાં નાણાં વણવપરાયેલા રહ્યા હતા અને મહત્તમખર્ચ શિક્ષણ, આરોગ્ય અને માર્ગો માટે કરવામાં આવ્યો હતો. 2014-19 દરમિયાન ₹ 34.69 કરોડના નાણાં વણવપરાયેલ રહ્યા હતા પરંતુ રહેઠાણ સુવિધા પ્રદાન કરવા માટે કોઈ પણ ખર્ચ કરવામાં આવ્યો નહોતો.

આયોજન અને વિવિધ ખાતાઓના સમન્વયના અભાવને કારણે સુરેન્દ્રનગર જિલ્લામાં પાણી પુરવઠાને લગતી કોઈ પણ યોજનાનું આયોજન થઈ શક્યું નહોતું. કચ્છ જિલ્લામાં વીરા-સાંઘડ પાણી પુરવઠા યોજના અને ભાવનગર જિલ્લામાં વલ્લભીપુર ઝોન પાણી પુરવઠા યોજના અને ભાવનગર-ઘોઘા પાણી પુરવઠા યોજના અગરિયાઓને અપેક્ષા પ્રમાણે પાણી પહોંચાડી શકી નહોતી. અમરેલી જિલ્લામાં અગરિયાઓ માટે પાણી

પુરવઠાની કોઈ યોજના નહોતી. ભાવનગર જિલ્લામાં રસ્તાઓની ખરાબ પરિસ્થિતિને કારણે અગરિયાઓને અપાતી તબીબી સેવાઓ પ્રભાવિત થઈ હતી. તેમજ પાટણ, મોરબી અને કચ્છ જિલ્લાઓમાં પણ રસ્તાઓની યોગ્ય જાળવણી ન થવાને કારણે અગરિયાઓને અપાતી સુવિધાઓ પ્રભાવિત થઈ હતી. ખુબ જ દૂરના વિસ્તારોમાં પ્રતિકૂળ વાતાવરણમાં રહેતા અગરિયાઓ તેમના હંગામી મુકામ દરમિયાન કામચલાઉ ધોરણે ઝૂંપડું કે રહેઠાણ બનાવીને રહે છે. SLEC ના નિર્ણય લીધા (જાન્યુઆરી 2014) બાદ પાંચ વર્ષો વિતી ગયા પછી પણ અગરિયાઓ માટે રહેઠાણની યોજના શરૂ કરાઈ નહોતી.

મોબાઈલ હેલ્થ યુનિટ (MHU) ની અછત અને તબીબી કર્મચારીઓની જગ્યાઓ ખાલી રહેવાના કારણે મોરબી અને પાટણ જિલ્લાના વિવિધ ગામોમાં અગરિયાઓને મહિનામાં ફકત એક કે બે દિવસ જ MHU દ્વારા સેવાઓ પ્રદાન કરી શકાઈ હતી. આ ઉપરાંત 2014-19ના સમયગાળા દરમિયાન ભરૂચ અને અમરેલી જિલ્લાઓમાં તબીબી શિબિરોનું આયોજન થયું નહોતું. રાજ્ય સરકારના ઉદ્યોગ અને ખાણ ખાતાએ ઓકટોબર 2010માં મીઠાના ભાડાપટ્ટા માટે સર્વ સામાન્ય શરતો નક્કી કરી હતી. પરંતુ ભાડાપટ્ટાની શરતોમાં આવી કોઈ શરત રાખવામાં આવી નહોતી કે ભાડા પટ્ટા ધારકો અગરિયાઓને યોગ્ય રહેઠાણ અને તબીબી સુવિધાઓ આપવાની રહેશે.

ગામોની અંદર આવતા મોટા ભાગના મીઠાના જૂથો ICDS હેઠળ આવરી લેવાયા છે, પરંત પાટણ, અમરેલી, સુરેન્દ્રનગર અને કચ્છ જિલ્લાઓના રણ વિસ્તારમાં રહેતા જૂથો ICDS થી વંચિત રહેવા પામ્યા હતા. પાટણ જિલ્લાના રણ વિસ્તારમાં દરેક અઠવાડિયે સ્પેશયલ વેન દ્વારા અગરિયાઓના બાળકોને ઘરે લઈ જવા માટે અપાતો પોષણયુકત આહાર આપવામાં આવ્યો હતો. પંરતુ, બાકીના ત્રણ જિલ્લાઓમાં આવી સુવિધા પ્રદાન કરાઈ નહોતી.

ગુજરાત સરકારે અગરિયાઓના બાળકો જે પોતાના માતા-પિતા સાથે રણ વિસ્તારમાં રહે છે તેમના માટે નવીનતમ યોજના ''સ્કૂલ ઓન વ્હીલ્સ'' શરૂ કરી હતી (જુલાઈ 2018). આ યોજના હેઠળ, બાળકોને શિક્ષણ આપવા માટે GSRTC ની 30 ભંગાર બસોમાં ફેરફારસ કરીને તેમાં PVC નું તળિયુ, લખવા માટે પાટલીઓ અને બ્લેક બોર્ડનો સમાવેશ કરાયો હતો.

વિવિધ સંશોધન અહેવાલો મુજબ, મીઠાના અગરોમાં અગરિયાઓ માટે શૌચાલયો ના

હોવાના કારણે અગરિયાઓ માટે સ્વચ્છતા એક ગંભીર સમસ્યા હોય છે. દરખાસ્તોના અભાવને કારણે અગરિયાઓને સ્વચ્છતાનો મુદ્દો લગભગ બાકાત રહી જવા પામ્યો હતો. આ ઉપરાંત અગરિયાઓને ઓક્ટોબર 2014માં ભારત સરકાર દ્વારા શરૂ કરાયેલ સ્વચ્છ ભારત મિશનમાં પણ આવરી લેવાયા નહોતા.

વન અને પર્યાવરણ વિભાગ

વળતર વનીકરણ

વનની જમીનના બિન-વનીય ઉપયોગ માટે હેતુફેર માટેની દરખાસ્તોને મંજૂરી આપતી વખતે વળતર વનીકરણ એ કેન્દ્ર સરકાર દ્વારા નિયત કરવામાં આવેલી એક મહત્વની શરત છે. વળતર વનીકરણ વન વિભાગ દ્વારા સામાન્ય રીતે હાથ ધરવામાં આવતી વૃક્ષારોપણની પ્રવૃત્તિ સિવાયની વધારાની વૃક્ષારોપણ પ્રવૃત્તિ છે.

પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન મંત્રાલયે રાજ્ય વળતર વનીકરણ ભંડોળ વ્યવસ્થાપન અને આયોજન સત્તામંડળની (રાજ્ય CAMPA) રાજ્યોમાં સ્થાપના અને જંગલ અને વૃક્ષોના આવરણમાં વધારો કરવા અને વન્યજીવનના સંરક્ષણ અને વ્યવસ્થાપન માટે ભંડોળ પૂરુ પાડવાની પ્રણાલી ઉભી કરવા માટે માર્ગદર્શિકા પરિપત્રિત (જુલાઈ 2009) કરી હતી. વન (સંરક્ષણ) અધિનિયમ, 1980 હેઠળ વસૂલ કરેલી અને એડહોક CAMPA પાસે રહેલી વળતર વનીકરણ, વધારાનું/દંડકીય વળતર વનીકરણ, ચોખ્ખી વર્તમાન કિંમત અને અન્ય રકમોના નાણા રાજ્ય CAMPA મેળવશે અને તેનો ઉપયોગ વળતર વનીકરણ અને જંગલોનું અને વન્યજીવનનું સંરક્ષણ અને રક્ષણ હાથ ધરવા માટે કરશે.

ઑડિટે 2014-15 થી 2018-19 ના સમયગાળા દરમિયાન જેમાં છેવટની મંજુરી આપવામાં આવી હતી એવા કેસોની ચકાસણી કરી હતી અને રાજ્ય CAMPA ની કામગીરીના વાર્ષિક પ્લાનમાં ચોખ્ખી વર્તમાન કિંમત ભંડોળમાંથી કરેલી વિવિધ સૂચિત પ્રવૃત્તિઓ અને કામચલાઉ CAMPA દ્વારા છુટા કરવામાં આવેલા ભંડોળના ઉપયોગની સમીક્ષા કરી હતી.

વન અને પર્યાવરણ વિભાગે વળતર વનીકરણની પાછલી બાકી કામગીરીનો કોઈ ડેટાબેઝ તૈયાર કર્યો નથી. 1,470.19 હેક્ટર જેટલી બિન-વનીય જમીન (32 કેસો) વપરાશકાર એજન્સીઓ દ્વારા 2014-19ના સમયગાળા દરમિયાન વિભાગની તરફેણમાં તબદીલ અને પરિવર્તિત કરવામાં આવી હતી છતાં વિભાગે 1,366.07 હેક્ટર જમીન ભારતીય વન અધિનિયમ, 1927ની કલમ 4 હેઠળ અનામત જંગલ તરીકે જાહેર કરી

હતી (ઑગષ્ટ 2019) અને 104.12 હેક્ટર જાહેર કરવાની બાકી હતી. તમામ કેસોમાં, બિન-વનીય જમીન છેવટે ભારતીય વન અધિનિયમ, 1927ની કલમ 20 અન્વયે અનામત જંગલ તરીકે જાહેર કરવાની હોઈ વિભાગ દ્વારા એક પણ જાહેર કરવામાં આવી ન હતી.

નવ કેસોમાં સંકળાયેલા 254.35 હેક્ટર વળતર વનીકરણ હેઠળ વાવેતર કરવામાં આવ્યું ન હતું. એકંદરે ₹ 3.04 કરોડની ચોખ્ખી વર્તમાન કિંમતની અને ₹ 4.64 કરોડના વળતર વનીકરણ અને શિક્ષાત્મક વળતર વનીકરણની ઓછી વસૂલાત થઈ હતી. પાંચ વળતર વનીકરણના સ્થળોમાં (મહીસાગર અને અરવલ્લી ડિવિઝન) પ્લાન્ટેશન માટે પસંદ કરેલી ડિગ્રેડેડ વનની જમીનની ગીચતા ગુજરાત સરકારની સૂચનાઓના અનુપાલનમાં ન હતી. વિભાગ વપરાશકાર એજન્સી દ્વારા વધારાની શરતોનું અનુપાલનની ખાતરી ન કરી રહ્યું હતું. વિભાગે પ્લાન્ટેશન હાથ ધરવા માટે કોઈ પગલા લીધા ન હતા જો કે તેના માટે વિભાગે ₹ 6.16 કરોડ વસૂલ કર્યા હતા.

કામગીરીના વાર્ષિક લક્ષ્યાંકો (APO) કામચલાઉ CAMPA માં રજૂ કરવાના વિલંબના કારણે ભંડોળ છુટું કરવામાં વિલંબ હતો જેણે સંબંધિત કામગીરીના વાર્ષિક લક્ષ્યાંકોમાં હાથ ધરવાની પ્રવૃત્તિઓને અસર કરી હતી. બિન-અનુપાલને રાજ્ય CAMPAને તેમની હકદારીની ₹ 30.78 કરોડની રકમની પ્રાપ્તિથી વંચિત રાખ્યું હતું. રાજ્ય CAMPA પાસે ₹ 94.86 કરોડનું ભંડોળ ઉપલબ્ધ હોવા છતાં, વિભાગે ₹. 45.71 કરોડ જેટલા પ્રમાણમાં APO માં કલ્પના કરવામાં આવી હતી એ મુજબનું વળતર વનીકરણ હાથ ધર્યું ન હતું. એવા સાત કેસો હતા જેમાં વિભાગો/વપરાશકાર એજન્સીઓ દ્વારા નક્કી કરવામાં આવેલ હોવા છતાં વૃક્ષોનું પ્રત્યારોપણ કરવામાં ન આવ્યું હતું.

II. મહેસૂલ ક્ષેત્ર

આ અહેવાલના ભાગ-II માં 25 ફકરા અને ₹ 393.12 કરોડના એક કામગીરી ઑડિટ સમાવિષ્ટ છે. મુખ્ય અવલોકનોમાંના કેટલાક નીચે દર્શાવ્યા છે.

1. મહેસૂલી આવકના વલણો

2017-18 દરમિયાન ₹ 1,23,291.27 કરોડની ગુજરાત સરકારની કુલ મહેસૂલી આવકની સામે 2018-19માં તે ₹ 1,36,001.54 કરોડ થઈ હતી. રાજ્ય સરકાર દ્વારા 2018-19 દરમિયાન કર-વેરા આવકમાંથી ઉભી કરાયેલી આવક ₹ 80,102.74 કરોડ હતી અને બિન કર આવકમાંથી તે ₹ 13,416.99 કરોડ હતી. રાજ્ય સરકાર દ્વારા ઉભી કરાયેલી આવક મહેસૂલી આવકના 68.76 ટકા જેટલી હતી. 2018-19 દરમિયાન ગુજરાત ગુડઝ એન્ડ સર્વિસ ટેક્ષ (જી.જી.એસ.ટી.)/મૂલ્ય વર્ધિત વેરો (વેટ)/કેન્દ્રિય વેચાણ વેરો (કે.વે.વે.) (₹ 57,302.96 કરોડ), સ્ટેમ્પ ડ્યુટી અને નોંધણી ફી (₹ 7,780.77 કરોડ) અને વિદ્યુત પર કર અને ડ્યુટી (₹ 7,347.79 કરોડ) આવકના મુખ્ય સ્રોતો હતા. બિન-કર આવકમાંથી મુખ્ય હિસ્સો (₹ 4,863.00 કરોડ) બિન-લોહ ખાણકામ અને ધાતુ ઉદ્યોગોમાંથી આવ્યો હતો. નાણાંકીય વર્ષ 2018-19માં પાછલા વર્ષ 2017-18ના 13 ટકાની તુલનામાં, ગુજરાત સરકાર દ્વારા પ્રાપ્ત થયેલી આવક પૈકી 14 ટકા ભારત સરકાર તરફથી સહાયક અનુદાનમાંથી આવી હતી. ભારત સરકાર તરફથી વહેંચણીપાત્ર કેન્દ્રિય કરવેરા અને સહાયક અનુદાન અનુક્રમે ₹ 23,489.33 કરોડ અને ₹ 18,992.48 કરોડ હતા.

2. કામગીરી ઑડિટ

''સરકારી જમીનની ફાળવણી અને તેના યોગ્ય ઉપયોગની દેખરેખ''

ફાળવણી/ભાડાપટ્ટેથી આપેલ જમીનોનો માહિતી-સંગ્રહ, જે જમીન વ્યવસ્થાપનનું મુખ્ય પાસું છે, તે વિભાગ પાસે નહોતો. વિવિધ હેતુઓ માટે ફાળવેલ અને નિકાલ માટે ઉપલબ્ધ સરકારી જમીનની વિવિધ વર્ગની એકત્રિત માહિતીની ગેરહાજરીમાં, વિભાગ, સરકારી જમીનની ફાળવણી અને/અથવા પહેલેથી ફાળવેલ જમીનની દેખરેખ રાખવા અંગે માહિતીપૂર્ણ નિર્ણય લેવાની સ્થિતિમાં નથી.

સરેરાશ તુલનાત્મક વેચાણ મૂલ્યની ગણતરી ખોટી કરવામાં આવી હતી. જેના પરિણામે ત્રણ જિલ્લાઓના જમીનના અતિક્રમણને નિયમિત કરવાના ચાર કિસ્સામાં 34,79,964 ચો.મી. સરકારી જમીનનું ઓછું મૂલ્યાંકન થયું અને ₹ 69.14 કરોડની ભોગવટા કિંમત/પ્રીમિયમ કિંમતની ઓછી વસૂલાત થઈ હતી.

ઔદ્યોગિક હેતુ માટે ગોચર જમીનની ફાળવણીના 26 કેસોમાં, ગોચર વિકાસ નિધિ માટે જંત્રી મૂલ્યના 30 ટકા કુલ ₹ 10.40 કરોડ કાં તો વસૂલ કરવામાં આવ્યા ન હતા અથવા ઓછા વસૂલ કરવામાં આવ્યા હતા.

નવી શરતની સરકારી જમીનને વેચાણના હેતુ મટે જૂની શરતની જમીનમાં રૂપાંતરિત કરવાની અયોગ્ય મંજૂરીના પરિણામે એક કિસ્સામાં ₹ 67.30 કરોડનો અયોગ્ય નાણાંકીય લાભ મળ્યો.

જિલ્લા કલેકટરની કચેરીની/સરકારની પૂર્વ મંજૂરી વિના કંપનીના બંધારણમાં ફેરફાર કરનારી કંપનીઓના બે કિસ્સામાં ₹ 14.80 કરોડની પ્રીમિયમની પ્રાપ્તિ થઈ ન હતી.

ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન (સુધારા) અધિનિયમ, 2015ની કલમ 63 AC અને કલમ 63 AD હેઠળના બે કેસોમાં ₹ 1.35 કરોડનો દંડ વસૂલવામાં આવ્યો ન હતો. વધુમાં, બીજા એક કેસમાં, ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન (સુધારા) અધિનિયમ, 2015ની કલમ 63 AA હેઠળ શરતભંગ ઓળખવા માટેની દેખરેખની પદ્ધતિના અભાવના પરિણામે ₹ 8.26 કરોડની આવકનું નુકસાન થયું હતું.

3. ફકરાઓ

ફકરાઓમાં સમાવિષ્ટ કેટલાક મહત્વપૂર્ણ તારણો નીચે મુજબ છે.

માલ અને સેવા કર (જી.એસ.ટી.) મૂલ્ય વર્ધિત વેરો (વેટ)/ વેચાણ વેરો

''જી.એસ.ટી. હેઠળ નોંધણી''નું ઑડિટ

ઑડિટ માટે પસંદ કરાયેલા એકમોમાં પૂર્ણ કરાયેલ 51.474 આકારણીઓ પૈકી 15,699 આકારણીઓની

(30.50 ટકા) વર્ષ 2018-19 દરમિયાન પ્રતિક ચકાસણી કરવામાં આવી હતી અને 405 કેસોમાં (2.58 ટકા) ગેરરીતિઓ ધ્યાનમાં આવી હતી. એમાંથી કેટલીક નીચે વર્ણવી છે.

ઑડિટમાં પ્રતિક ચકાસણી કરેલા 1,130 કેસો પૈકી 678 કેસોમાં નોંધણી માટેની અરજીઓમાં વિસંગતતાઓ ધ્યાનમાં આવી હતી જેનું પ્રમાણ 60 ટકા હતું.

ચીજોના ખોટા વર્ગીકરણ/વેરાનો અયોગ્ય દર લાગુ પાડવાના કારણે 17 કચેરીઓમાં 30 વેપારીઓની 48 આકારણીઓમાં ₹ 11.28 કરોડના વેટની ઓછી વસૂલાત થઈ હતી.

વેરા શાખનો ઘટાડો ન કરવો/ઓછો કરવાના કારણે 31 કચેરીઓના 91 વેપારીઓની 105 આકારણીઓમાં આકારણી રેકોર્ડ મુજબ ₹ 13.37 કરોડની અધિક વેરા શાખની મંજૂરી.

કુલ વાર્ષિક વકરાના અયોગ્ય નિર્ધારણના કારણે છ કચેરીઓના આઠ વેપારીઓની 10 આકારણીઓમાં ₹ 1.33 કરોડના મૂલ્ય વર્ધિત વેરાની ઓછી વસૂલાત.

સ્ટેમ્પ ડ્યુટી અને નોંધણી ફી

બે સબ-રજીસ્ટ્રાર કચેરીઓમાં ત્રણ દસ્તાવેજમાં, ₹ 10.20 કરોડની પ્રીમિયમ કિંમતની બિનવસૂલાત ધ્યાનમાં આવી હતી.

10 કચેરીઓમાં 38 દસ્તાવેજમાં બજાર કિંમતના અયોગ્ય નિર્ધારણના કારણે ₹ 4.37 કરોડની સ્ટેમ્પ ડ્યુટી અને નોંધણી ફીની ઓછી વસૂલાત થઈ હતી.

ખૂટતી સ્ટેમ્પ ડ્યુટીની વસૂલાત માટે નાયબ કલેકટરને (મૂલ્યાંકન તંત્ર) કેટલીક જુદી જુદી બાબતો ધરાવતા દસ્તાવેજો ન મોકલવાને કારણે ત્રણ સબ-રજીસ્ટ્રાર કચેરીઓના 10 નોંધાયેલા દસ્તાવેજોમાં એકંદરે ₹ 2.35 કરોડની સ્ટેમ્પ ડ્યુટીની આવક સ્થગિત થઈ હતી.

અન્ય કર અને બિન-કર આવક

વાહન વ્યવહાર વિભાગ

વાહન અને સારથીના આઈ.ટી.ઑડિટ

વાહન 4.0 અને સારથી 4.0ના અમલીકરણમાં રહેલી ઊણપે, વિભાગ અને જાહેર જનતાને મહદ અંશે લાભથી વંચિત રાખી.

વાહન 4.0ના બેકલોગ મોડ્યુલમાં રહેલી વિસંગતતાઓ જેમકે અપૂરતા પ્રતિબંધો અને માન્યતા નિયંત્રણોના અભાવને પરિણામે 20 વાહન નોંધણીના કેસોમાં ડેટા સાથે છેડછાડ થઈ હતી અને સરકાર ₹ 56.26 લાખની આવકથી વંચિત રહી હતી.

બિન-સુરવાઈઝરી કર્મચારીઓને વિવિધ સુપરવાઈઝરી ભૂમિકાઓ સોંપવા સાથે દેખરેખની ગેરહાજરી જોડાતા ડેટાની અખંડિતતા માટે સંભવિત જોખમને સૂચિત કરતું હતું.

મોટર વાહન અધિનિયમની દંડની જોવગાઈઓની યોગ્ય ગોઠવણના અભાવના પરિણામે ઈ-ચાલાન મોડ્યુલમાં ₹ 13.98 લાખ જેટલા દંડની ઓછી વસૂલાત થઈ હતી. વધુમાં ઈ-ચાલાન મોડ્યુલમાં અપૂર્ણ અને અયોગ્ય ડેટા દાખલ કરવામાં આવતો હતો જે મોડ્યૂલમાં માન્યતા નિયંત્રણોનો અભાવ અને સંભવિત આવકના નુકસાનને સૂચિત કરે છે.

ડેટાના વિશ્લેષણમાં જાણવા મળ્યું કે 70,131 કેસોમાં વેરાની પહોંચની તારીખ વિમાની તારીખ/વેચાણના ભરતિયાની તારીખથી સાત દિવસના વિલંબ બાદની હતી પરંતુ આ કેસોમાં ₹ 6.91 કરોડનો દંડ અને ₹ 2.63 કરોડનું વ્યાજ એમ એકંદરે ₹ 9.54 કરોડ વસૂલ કરવામાં આવ્યા ન હતા.

એનાલીટીકસ પોર્ટલમાં રહેલી ઉણપે હિત ધરાવનારાઓને સાચી માહિતી મળે તેવી સગવડથી વંચિત રાખ્યા.

પાંચ પ્રાદેશિક વાહનવ્યવહાર કચેરીઓમાં 1,395 પરિવહન અને બિન-પરિવહન વાહનોના સંચાલકો/માલિકોએ ન તો વેરો ભર્યો હતો કે ન બિન-વપરાશના નિવેદનો દાખલ કર્યા

હતા. આમ, તેના પરિણામે ₹ 6.12 કરોડના મોટર વાહન વેરાની પ્રાપ્તિ થઈ ન હતી.

ઉદ્યોગ અને ખાણ વિભાગ

છ જિલ્લા ભૂસ્તરશાસ્ત્રીની કચેરીઓના 120 ભાડાપટ્ટા ધારકો પાસેથી ₹ 1,98 કરોડના મુકરર ભાડાની બિન-વસૂલાત થઈ હતી.

31 ખાણકામના ભાડાપટ્ટાના કેસોમાં, સ્ટેમ્પ ડ્યુટીની ગણતરી મંજુર થયેલી ખાણકામની યોજનામાં દર્શાવેલા પ્રથમ વર્ષના અંદાજીત ઉત્પાદનના આંકડાની જગ્યાએ ભાડાપટ્ટા ધારકો દ્વારા તેમની અરજીમાં જણાવેલ પ્રથમ વર્ષના અંદાજીત ઉત્પાદન પર કરવામાં આવી હતી જેના પરિણામે ₹ 1.84 કરોડની સ્ટેમ્પ ડ્યુટીની ઓછી વસૂલાત થઈ હતી.

જાહેર ક્ષેત્રના ઉપક્રમો પરનો ઑડિટ અહેવાલ

આ અહેવાલ 31 માર્ચ 2019ના રોજ પૂરા થતા વર્ષ માટે 83 સરકારી કંપનીઓ અને ચાર વૈધાનિક નિગમોના ઑડિટના પરિણામ અંગે છે. અહેવાલ રાજ્યમાં આવેલી જાહેર કંપનીઓ અને વૈધાનિક નિગમોનું વિહંગાવલોકન આપે છે અને તેમાં ગુજરાત ખનીજ વિકાસ નિગમ લિમિટેડની ખાણકામ પ્રવૃત્તિ પરના એક કામગીરી ઑડિટ અને બે પૂર્તતા ઑડિટના ફકરાઓનો પણ સમાવેલ થયેલો છે.

રાજ્યના જાહેર ઉપક્રમોની કામગીરીનું વિહંગાવલોકન

પ્રસ્તાવના

રાજ્યના જાહેર ઉપક્રમોમાં (જાહેર ઉપક્રમો) રાજ્ય સરકારની કંપનીઓ અને વૈધાનિક નિગમોનો સમાવેશ થાય છે. જાહેર ઉપક્રમો વાણિજ્યિક પ્રકારની પ્રવૃત્તિઓમાં રોકાયેલા હોય છે અને રાજ્યના અર્થતંત્રમાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે. 31 માર્ચ 2019ની સ્થિતિએ 91 જાહેર ઉપક્રમો (83 રાજ્ય સરકારની કંપનીઓ અને ચાર વૈધાનિક નિગમો) જેમાં 16 બિન-કાર્યરત જાહેર ઉપક્રમો સામેલ હતાં. આ 87 જાહેર ઉપક્રમો પૈકી, ચાર જાહેર ઉપક્રમો શેરબજાર પર નોંધાયેલા હતાં. જાહેર કાર્યરત જાહેર ઉપક્રમોએ તેમના 30 સપ્ટેમ્બર 2019ની સ્થિતિએ છેલ્લા આખરીરૂપ અપાયેલા નાણાંકીય હિસાબો મુજબ ₹ 1,48,487.47 કરોડનો વકરો નોંધાવ્યો હતો. આ વકરો 2018-19 ના રાજ્યના અકેંદર ઘરેલુ ઉત્પાદનના 9.88 ટકા જેટલો હતો. કાર્યરત જાહેર ઉપક્રમોએ તેમના છેલ્લા આખરીરૂપ અપાયેલા નાણાકીય હિસાબો મુજબ ₹ 1,002.59 કરોડનો નફો કર્યો હતો.

જવાબદારી માળખું

1 એપ્રિલ 2014 અથવા ત્યારબાદ નાણાકીય વર્ષ શરૂ થતું હોય એવી કંપનીઓની બાબતમાં નાણાકીય હિસાબોનું ઑડિટ કંપની અધિનિયમ, 2013ની (અધિનિયમ) લાગુ પડતી કલમો 139 અને 143ની જોગવાઈઓને આધિન હોય છે. સરકારી કંપનીઓના નાણાંકીય હિસાબોનું ઑડિટ વૈધાનિક ઑડિટરો દ્વારા કરવામાં આવે છે, જેમની નિમણૂંક ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષક દ્વારા અધિનિયમની કલમ 139 (5) અથવા (7)ની જોગવાઈઓ અનુસાર કરવામાં આવે છે. આ નાણાંકીય હિસાબો અધિનિયમની કલમ 143(6) ની જોગવાઈઓ હેઠળ ઑડિટ અહેવાલ મળ્યાના 60 દિવસની અંદર ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષકના પૂરક ઑડિટને આધિન હોય છે. વૈધાનિક નિગમોનું ઑડિટ તેમને લાગુ પડતા કાયદા અનુસાર થાય છે.

રાજ્યના જાહેર ઉપક્રમોમાં રોકાણ

31 માર્ચ 2019ના રોજ 87 જાહેર ઉપક્રમોમં રોકાણ રૂા. 2,49,724.88 કરોડ જેટલું હતું. જાહેર ઉપક્રમોના રોકાણનો ઝોક મુખ્યત્વે ઉર્જા અને માળખાકીય ક્ષેત્ર તરફ હતો. કુલ રોકાણની સામે માળખાકીય ક્ષેત્રમાં રોકાણના હિસ્સાની ટકાવારી 2014-15માં 32.43 તુલનાએ 2018-19માં 35.84 હતી. ટકાવારીની દ્રષ્ટિએ ઉર્જા ક્ષેત્રમાં રોકાણનો હિસ્સો 2014-15માં 42.09 ટકા હતો તે વધીને 2018-19માં 42.78 ટકા થયો હતો.

ઉર્જા ક્ષેત્રના ઉપક્રમોની કામગીરીનું વિહંગાવલોકન

પ્રસ્તાવના

વિદ્યુતનું ઉત્પાદન, પ્રવાહન અને વિતરણમાં રોકાયેલા રાજ્યના જાહેર ઉપક્રમોને (જાહેર ઉપક્રમો) ઉર્જા ક્ષેત્ર હેઠળ વર્ગીકૃત કરવામાં આવે છે. 31 માર્ચ 2019ના રોજ રાજ્યમાં 87 જાહેર ઉપક્રમો હતાં જે પૈકી 10 જાહેર ઉપક્રમો વિદ્યુત સંબંધિત વ્યાપારમાં રોકાયેલા છે અને બાકીના 77 જાહેર ઉપક્રમો અન્ય પ્રવૃત્તિઓમાં રોકાયેલા છે. 10 જાહેર ઉપક્રમો સરકારી કંપનીઓ છે, જેમાં અન્ય સરકારી કંપનીઓની આઠ પેટા/સંયુકત સાહસની કંપનીઓ સામેલ છે. ઉર્જા ક્ષેત્રના જાહેર ઉપક્રમોના વાર્ષિક વકરામાં પાછલા વર્ષોની તુલનાએ સતત વધારો નોંધાયો છે અને 2017-18માં ₹ 1,09,824.46 કરોડ હતો. 2014-15 થી 2018-19 દરમિયાન ગુજરાત રાજ્યના એકંદરે ઘરેલુ ઉત્પાદનમાં વધારો 11.63 ટકા અને 14.21 ટકા વચ્ચે રહ્યો હતો. છેલ્લા પાંચ વર્ષ દરમિયાન રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદનના 13.20 ટકાના ચક્રવૃદ્ધિ વાર્ષિક વિકાસ દરની સામે ઉર્જા ક્ષેત્રના જાહેર ઉપક્રમોના વાર્ષિક વકરાએ 10.04 ટકાનો ચક્રવૃદ્ધિ વાર્ષિક વિકાસ દર નોંધાવ્યો હતો.

ઉર્જા ક્ષેત્રના રાજ્યના જાહેર ઉપક્રમોમાં રોકાણ અને અંદાજપત્રીય સહાય

31 માર્ચ 2019ના રોજ 10 જાહેર ઉપક્રમોમાં ₹ 1,06,844.09 કરોડનું રોકાણ હતું. ગુજરાત સરકાર સમયાંતરે ઉર્જા ક્ષેત્રના ત્રણ જાહેર ઉપક્રમોને વાર્ષિક અંદાજપત્ર દ્વારા વિવિધ સ્વરૂપે અંદાજપત્રીય સહાય પૂરી પાડે છે અને 2014-15 થી 2018-19ના સમયગાળા દરમિયાન તે ₹ 6,144.63 કરોડ અને ₹ 10,223.10 કરોડ વચ્ચે રહી હતી જ્યારે રાજ્યના બાકીના સાત જાહેર ઉપક્રમોમાં ભંડોળનું કોઈ રોકાણ કરવામાં આવ્યું ન હતું. 2017-18 દરમિયાન ₹ 10,223.10 કરોડની મળેલી સહાયમાં શેર મૂડી અને અનુદાન/સહાયકીના રૂપમાં અનુક્રમે ₹ 2,813.37 કરોડ અને ₹ 7,409.73 કરોડ સામેલ હતા.

ઉર્જા ક્ષેત્રના રાજ્યના જાહેર ઉપક્રમોની કામગીરી અને નાણાંકીય હિસાબોના આખરીકરણની સ્થિતિ

ઉર્જા ક્ષેત્રના 10 જાહેર ઉપક્રમો પૈકી, તેમના છેલ્લા આખરીરૂપ અપાયેલા નાણાકીય હિસાબો મુજબ તમામ 10 જાહેર ઉપક્રમોએ ₹ 1,084.95 કરોડનો નફો કર્યો હતો. ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડના એકત્રિત નાણાકીય હિસાબો અને ગુજરાત ઉર્જા પ્રવાહન નિગમ લિમિટેડ તેમજ ગુજરાત ઉર્જા નિગમ લિમિટેડના એક વર્ષના (2018-19) નાણાકીય હિસાબો બાકી હતા.

રોકાણ પર વળતર

ગુજરાત સરકારે શેર મૂડી અને લોન રૂપે ભંડોળનું રોકાણ ઉર્જા ક્ષેત્રના માત્ર ત્રણ જાહેર ઉપક્રમોમાં કર્યું હતું. આ ત્રણ જાહેર ઉપક્રમોમાંથી રોકાણ સમયની પ્રવર્તમાન કિંમતના આધારે રોકાણ પર વળતર 2014-15 થી 2018-19ના સમયગાળા દરમિયાન 0.46 ટકા અને 0.87 ટકાની વચ્ચે રહ્યું હતું. ઉપરાંત, ગુજરાત સરકારનું આ ત્રણ જાહેર ઉપક્રમોમાં રોકાણ 2004-05 માં ₹ 1,645.94 કરોડ હતું તે વધીને 2018-19માં ₹ 75,021.86 કરોડ થયું હતું. ઉપરનું રોકાણ જે 31 માર્ચ 2019ના રોજ વર્તમાન કિંમતના આધારે ₹ 1,23,757.93 કરોડ થતું હતું તેનું વળતર ત્રણ જાહેર ઉપક્રમોની 2018-19 દરમિયાનની કુલ આવકની સામે 0.37 ટકા હતું. રોકાણ અને સંચિત નફો/નુકસાનના વિશ્લેષણમાં જોવામાં આવ્યું હતું કે ઉર્જા ક્ષેત્રના રાજ્યના જાહેર ઉપક્રમોની 31 માર્ચ 2019ના રોજની નેટવર્થ ₹ 26,333.27 કરોડ હતી.

શેર મૂડી અને મૂડીના રોકાણ પર વળતર

ત્રણ જાહેર ઉપક્રમોની બાબતમાં 31 માર્ચ 2019ના રોજ શેર મૂડી પરનું વળતર 1.72 ટકા હતુ. માર્ચ 2019 અંતિત છેલ્લા પાંચ વર્ષ દરમિયાન, ચોખ્ખી આવક અને શેર ધારકોનું ભંડોળ હકારાત્મક હતું. ઉર્જા ક્ષેત્રના રાજ્યના જાહેર ઉપક્રમોમાં રોકવામાં આવેલી મૂડી પરનું વળતર એકધારું હતું અને 2014-15 થી 2018-19 ના સમયગાળા દરમિયાન 4.61 અને 7.12 ટકા વચ્ચે રહ્યું હતું.

નાણાંકીય હિસાબો અંગે ટિપ્પણી

દસ જાહેર ઉપક્રમોએ ઓકટોબર 2018 થી સપ્ટેમ્બર 2019ના સમયગાળા દરમિયાન તેમના 10 નાણાકીય હિસાબો રજૂ કર્યા હતા. વૈધાનિક ઑડિટરોએ આઠ નાણાકીય હિસાબો માટે ટીકા-ટિપ્પણી વિનાના અને બે નાણાકીય હિસાબો માટે ટીકા-ટિપ્પણી

સહિતના પ્રમાણપત્રો આપ્યા હતા. જાહેર ઉપક્રમોનું હિસાબી ધોરણ/ભારતના હિસાબી ધોરણોનું અનુપાલન ઉણપોવાળું હતું કારણ કે પાંચ નાણાકીય હિસાબોમાં બિન-અનુપાલનના છ કિસ્સા હતા.

ઉર્જા ક્ષેત્ર ઉપક્રમોને સંબંધિત પૂર્તતા ઑડિટ અવલોકનો

આ અહેવાલમાં ઉર્જા ક્ષેત્ર ઉપક્રમોને સંબંધિત પૂર્તતા ઑડિટ અવલોકનો દ્વારા જાહેર ઉપક્રમોના સંચાલનમાં ખામીઓ દર્શાવેલ છે.

ઑડિટ અવલોકનોનો સારાંશ

ગુજરાત રાજ્ય વીજ નિગમ લિમિટેડ (કંપની) વીજ ઉત્પાદન માટે જવાબદાર છે. કંપની પાસે ચાર કોલસા આધારિત તાપ વિદ્યુત મથકો છે. બે કોલસા પુરવઠા કરાર જે ઉકાઈ તાપ વિદ્યુત મથકને કોલસો પૂરો પાડતા હતાં તે કરારોની સાથોસાથ દેખરેખ રખાઈ ન હતી. કોલસા સંચાલન સંયંત્ર શરૂ થવામાં વિલંબ અને કોલસો સુવ્યવસ્થિત સંગ્રહ માટે અપૂરતી જગ્યાના પરિણામે ટાળી શકાય તેવા વિલંબ શુલ્કની ચૂકવવણી થઈ હતી. કંપનીએ રાખના વેચાણમાંથી પ્રાપ્ત થયેલી રકમને નિર્દિષ્ટ હેતુ સિવાય ઉપયોગ કરી વન અને પર્યાવરણ મંત્રાલયના દિશાનિર્દેશોનું ઉલ્લંઘન કર્યું હતું. માસિક માલસામગ્રી નિયંત્રણ પત્રકમાં માંગણી કરતાં વિભાગોને રવાના કરેલી પણ વણવપરાયેલ હોય એવી માલસામગ્રીનું મૂલ્ય દર્શાવતું નથી. વસ્તુઓના ઝડપી, ધીમા અને વણવપરાશનો અહેવાલ અતિઆવશ્યક અને સામાન્ય આવશ્યક વસ્તુઓની માહિતી પ્રદાન કરતો નથી. દસ વર્ષથી વધુ સમય વિતી ગયો હોવા છતાં 195 વસ્તુઓની મેળવણી થઈ નથી અને ભંગાર પાંચ વર્ષથી વધુ સમય સુધી વેચાયો ન હતો.

રાજ્યના જાહેર ઉપક્રમોની કામગીરીનું વિહંગાવલોકન (ઉર્જા ક્ષેત્રના જાહેર ઉપક્રમો સિવાય)

પ્રસ્તાવના

31 માર્ચ 2019ની સ્થિતિએ રાજ્ય પાસે 87 રાજ્યના જાહેર ઉપક્રમો (જાહેર ઉપક્રમો) છે. આમાંથી, 10 જાહેર ઉપક્રમો ઉર્જા ક્ષેત્રમાં છે અને બાકીના 77 જાહેર ઉપક્રમો ઉર્જા ક્ષેત્ર સિવાયની પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા છે. આ 77 જાહેર ઉપક્રમોમાં, અલગ અલગ પ્રવૃત્તિઓ હાથ ધરતી 73 રાજ્ય સરકારની કંપનીઓ અને ચાર વૈધાનિક નિગમોનો સમાવેશ થાય છે. ગુજરાત સરકાર જાહેર ઉપક્રમોને સમયાંતરે શેર મૂડી, લોન અને અનુદાન/સહાયકી રૂપે નાણાકીય ટેકો પૂરો પાડે છે. 77 જાહેર ઉપક્રમો પૈકી, ગુજરાત સરકારે 61 જાહેર ઉપક્રમોમાં ભંડોળનં રોકાણ કર્યું હતું અને બાકીના 16 જાહેર ઉપક્રમો જે અન્ય સરકારી કંપનીઓના પેટા/સંયુકત સાહસ કંપનીઓ હતા, તેમાં કોઈ ભંડોળનું રોકાણ કર્યું ન હતું. 2018-19ની સ્થિતિએ આ જાહેર ઉપક્રમોનો વકરો ₹ 38,663.01 કરોડ હતો.

રાજ્યના જાહેર ઉપક્રમોમાં રોકાણ અને અંદાજપત્રીય સહાય

31 માર્ચ 2019ના રોજ 77 જાહેર ઉપક્રમોમાં રોકાણ ₹ 1,42,880.79 કરોડ હતું. ગુજરાત સરકાર વાર્ષિક અંદાજપત્ર મારફત વિવિધ સ્વરૂપે જાહેર ઉપક્રમોને નાણાકીય સહાય પૂરી પાડે છે. 2014-15 થી 2018-19ના સમયગાળા દરમિયાન આ જાહેર ઉપક્રમોને અંદાજપત્રીય સહાય ₹ 8,150.79 કરોડ અને ₹ 9,953.84 કરોડ વચ્ચે રહી હતી. 2018-19 દરમિયાન પૂરી પાડવામાં આવેલી ₹ 8,327.24 કરોડની સહાયમાં ₹ 1,109.70 કરોડ, ₹ 3,204.77 કરોડ અને ₹ 4,012.77 કરોડના અનુક્રમે લોન, અનુદાન/સહાયકી અને શેર મૂડી સમાવેશ થતો હતો.

રાજ્યના જાહેર ઉપક્રમોની કામગીરી અને નાણાકીય હિસાબોના આખરીકરણની સ્થિતિ

2018-19 દરમિયાન, રાજ્યના 61 કાર્યરત જાહેર ઉપક્રમો પૈકી, તેમના છેલ્લા આખરી રૂપ અપાયેલા નાણાકીય હિસાબો મુજબ, 44 જાહેર ઉપક્રમોએ ₹ 2,487.28 કરોડનો નફો કર્યો હતો અને 15 જાહેર ઉપક્રમોએ ₹ 2,569.64 કરોડની ખોટ કરી હતી. કાર્યરત 61 જાહેર ઉપક્રમો પૈકી 39 જાહેર ઉપક્રમોના, 67 પાછલા નાણાકીય હિસાબો બાકી હતાં જે એક અને ચાર વર્ષની વચ્ચે હતાં.

રોકાણ પર વળતર

77 જાહેર ઉપક્રમો પૈકી, ગુજરાત સરકારે 61 જાહેર ઉપક્રમો જેમાં ત્રણ જાહેર ઉપક્રમો જે શેરબજારમાં નોંધાયેલા છે સહિતના ઉપક્રમોમાં શેર મૂડી, લોન અને અનુદાન/સહાયકી રૂપે ભંડોળનું રોકાણ કર્યું હતું, તે જાહેર ઉપક્રમોનું રોકાણ પરનું વળતર હકારાત્મક હતું. આ 61 જાહેર ઉપક્રમોમાં રોકાણ સમયની પ્રવર્તમાન કિંમતે રોકાણ પર મળેલું વળતર 2014-15 થી 2018-19ના સમયગાળા દરમિયાન (-) 18.91 ટકા અને 0.72 ટકા વચ્ચે રહ્યું હતું. વધુમાં, આ 61 જાહેર ઉપક્રમોમાં ગુજરાત સરકારનું રોકાણ 2004-05માં ₹ 14,625.84 કરોડ હતું તે વધીને 2018-19માં ₹ 1,05,960.02 કરોડ થયું હતું. 31 માર્ચ 2019 સુધીના ગુજરાત સરકારના રોકાણની વર્તમાન કિંમત ₹ 1,95,062.26 કરોડ હતી. રોકાણ અને સંચિત નફો/ખોટના વિશ્લેષણમાં જોવામાં આવ્યું હતું કે 77 જાહેર ઉપક્રમોની 31 માર્ચ 2019ના રોજની નેટવર્થ ₹ 65,322.85 કરોડ હતી.

શેર મૂડી અને રોકેલી મૂડી પર વળતર

31 માર્ચ 2019 અંતિત છેલ્લા પાંચ વર્ષો દરમિયાન, નાણાંકીય વર્ષ 2014-15માં નોંધાયેલ ચોખ્ખી આવક પ્રમાણે શેર મૂડી પરનું વળતર 0.90 ટકા હતું. 2018-19 અંતિત ચાર નાણાંકીય વર્ષો દરમિયાન ચોખ્ખું નુકશાન નોંધાવવામાં આવ્યું હોવાથી શેર

મૂડી પરનું વળતર શૂન્ય હતું. 2014-15 થી 2018-19ના સમયગાળા દરમિયાન મૂડીના રોકાણ પરનું વળતર 3.03 અને 5.16 ટકા વચ્ચે રહ્યું હતું.

નાણાકીય હિસાબો પર ટિપ્પણી

કાર્યરત 47 જાહેર ઉપક્રમોએ તેમના 63 ઑડિટ થયેલા હિસાબો ઓકટોબર 2018 થી સપ્ટેમ્બર 2019ના સમયગાળા દરમિયાન પૂરક ઑડિટ માટે મોકલ્યા હતાં. વૈધાનિક ઑડિટરોએ 45 નાણાકીય હિસાબો માટે ટિપ્પણી વિનાના પ્રમાણપત્ર અને 21 નાણાકીય હિસાબો માટે ટિપ્પણી સહિતના પ્રમાણપત્ર આપ્યા હતાં.જાહેર ઉપક્રમોનું હિસાબી ધોરણો/ભારતીય હિસાબી ધોરણોનું અનુપાલન ઉણપોવાળું રહ્યું હતું કારણ કે 19 નાણાકીય હિસાબોમાં અનુપાલન ન કરવાના 35 કિસ્સા હતા.

કાર્યરત ચાર વૈધાનિક નિગમો પૈકી, ત્રણ નિગમોએ ઓકટોબર 2018 થી સપ્ટેમ્બર 2019ના સમયગાળા દરમિયાન નાણાકીય હિસાબો ઑડિટ માટે મોકલ્યા હતા. વૈધાનિક ઑડિટરોએ ગુજરાત રાજ્ય નાણાકીય નિગમના નાણાકીય હિસાબો પર ટીકા ટિપ્પણી સહિતનું પ્રમાણપત્ર આપ્યું હતું.

જાહેર ઉપક્રમો (ઉર્જા ક્ષેત્ર સિવાય)ને લગતુ કામગીરી ઑડિટ

‘‘ગુજરાત ખનિજ વિકાસ નિગમ લિમિટેડની ખાણકામ પ્રવૃત્તિઓનું’’ કામગીરી ઑડિટ હાથ ધરવામાં આવ્યું હતું. કામગીરી ઑડિટના મુખ્ય અંશો નીચે આપ્યા છે.

ગુજરાત ખનિજ વિકાસ નિગમ લિમિટેડની (કંપની) સ્થાપના મે 1963માં ગુજરાત રાજ્યમાં ખનિજનું ખાણકામ હાથ ધરવા માટે એક ખાનગી મર્યાદિત કંપની તરીકે કરવામાં આવી હતી. જુલાઈ 1971માં તે સંપૂર્ણ માલિકીની સરકારી કંપનીમાં રૂપાંતરિત થઈ હતી.

કંપનીની ખનિજ ખાણકામ અને ઉર્જા ઉત્પાદનની કામગીરીનો છેલ્લા પાંચ વર્ષની સંચાલન આવકમાં અનુક્રમે 77 ટકા અને 23 ટકાનો ફાળો રહ્યો હતો. ખાણકામની પ્રવૃત્તિઓ મુખ્યત્વે, લિગ્નાઈટ, બોકસાઈટ અને ફ્લૂઓરસ્પાર સાથે સંબંધિત છે.

31 માર્ચ 2019ના રોજ, કંપની પાસે 24 ખામકામ ભાડાપટ્ટા હતા. જેમાંથી નવ બિનકાર્યરત હતા. તેમાંથી, પાંચ ભાડાપટ્ટામાં કંપનીએ ન તો મુદ્દત વધારા માટે અરજી સુપ્રત કરી હતી ન ખાણકામની કામગીરી હાથ ધરી હતી.

કંપનીના એકમાત્ર વ્યાપાર યોજનાના મહત્ત્વપૂર્મ લક્ષ્યાંકો સિદ્ધ થયા ન હતા. ઑડિટે અવલોકન કર્યું હતું કે ન તો વ્યાપાર યોજનાની સિદ્ધિઓ પર નજર રાખવા માટે કોઈ પદ્ધતિ અમલમાં હતી ન પછીના સમયગાળા માટે કોઈ વ્યાપાર યોજના તૈયાર કરવામાં આવી હતી.

ઑડિટનાં ધ્યાનમાં ખાણ યોજનામાં નિર્ધારિત ઉત્પાદન લક્ષ્યાંકો સિદ્ધ ન થવાના કિસ્સાઓ આવ્યા હતા, જે ખાણ યોજનામાં વાસ્તવિક ધોરણે ફેરફારની જરૂરિયાત તરફ સૂચન કરે છે કારણ કે બાકીના સમયગાળામાં અનુમોદિત ખાણ યોજના પ્રમાણે ખાણકામ કામગીરી પૂર્ણ કરી શકાય તેમ નથી.

બે કિસ્સાઓમાં, લિગ્નાઈટ પરિયોજનાઓની ખાણ બંધ કરવા માટેના એસ્ક્રો ખાતાઓમાં ₹ 59.53 કરોડની ઓછી થાપણ હતી.

ઑડિટે અવલોકન કર્યું હતું કે ખનિજનો ભંડાર પૂરો થયા પછી ખાનગી સંપૂર્ણ હકની જમીનની પ્રતિધારણ અથવા વેચાણ અંગેની નીતિ કંપની દ્વારા ઘડવાની બાકી છે.

એક કિસ્સામાં, કંપનીએ પરિયોજનાની સદ્ધરતા માટેની પ્રાથમિક આકારણી પૂર્ણ કરતાં પહેલા જ ₹ 13.70 કરોડની જમીન સંપાદિત કરી હતી. આ પરિયોજના પાછળથી બંધ થઈ ગઈ હતી અને જમીન બિન-ઉપયોગી રહી હતી. આ ઉપરાંત, આઠ જમીન વળતર કેસોમાં ₹ 4.81 કરોડની અધિક ચૂકવણી ધ્યાનમાં આવી હતી.

લિગ્નાઈટ ખાણકામના ટર્નકી (સંપૂર્ણ જવાબદારીવાળા) કરારમાં દર નિર્ધારણ માટેની માનક શરતો 10 વર્ષથી વધુ સમય પછી પણ નક્કી થઈ શકી ન હતી. ઑડિટમાં નિવિદા કરવાની અને લિગ્નાઈટ ખાણકામનાં સંપૂર્ણ જવાબદારીવાળા કરારો એનાયત કરવાની પદ્ધતિમાં પણ ખામીઓ જોવા મળી હતી. જેના પરિણામે ₹ 17.75 કરોડનું ટાળી શકાય એવું નુકસાન થયું હતું.

ખાણકામનાં સંપૂર્ણ જવાબદારીવાળા કરારની શરતોથી વિચલનના પરિણામે એક કિસ્સામાં ₹ 23.38 કરોડનો વધારાનો ખર્ચ, એક કિસ્સામાં ₹ 23.30 કરોડનો અયોગ્ય લાભ અને એક કિસ્સામાં ₹ 1.48 કરોડની વધારાની ચૂકવણી થઈ હતી.

ખાણકામના સંપૂર્ણ જવાબદારીવાળા કરારની દેખરેખની પદ્ધતિની ઉણપોને કારણે 10 કિસ્સાઓમાં ₹ 104.64 કરોડનું ટાળી શકાય તેવું નુકસાન, બે કિસ્સાઓમાં ₹ 21.02 કરોડનો ઠેકેદારને અયોગ્ય લાભ અને એક કિસ્સામાં ₹ 107.01 કરોડનો લવાદી દાવો થયો હતો.

કંપનીએ લિગ્નાઈટના વેચાણ પર ખાણ બંધ કરવાના ભંડોળનું અલગથી ભરતિયા લેખન કર્યું હતું અને તેના પર માર્ચ 2019 સુધીમાં ₹ 33.11 કરોડની રોયલ્ટીની ચુકવણી ટાળી હતી.

કોર્પોરેટ સામાજિક જવાબદારી સંબંધિત પર્યાવરણીય મંજૂરીની શરતોથી વિચલનનાં બે કિસ્સાઓ ઑડિટનાં ધ્યાનમાં આવ્યા હતા જેને પરિણામે કોર્પોરેટ સામાજિક જવાબદારી પાછળ ₹ 52.47 કરોડનો ખર્ચ ઓછો થયો હતો.

વૈધાનિક નિગમ સંબંધિત પૂર્તતા ઑડિટ અવલોકનો

આ અહેવાલમાં વૈધાનિક નિગમ સંબંધિત પૂર્તતા ઑડિટ અવલોકનો દ્વારા નિગમના સંચાલનમાં ખામીઓ દર્શાવેલ છે.

ઑડિટ અવલોકનોનો સારાંશ

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમની (નિગમ) સ્થાપના 01 મે 1960 ના રોજ માર્ગ વાહન વ્યવહાર નિગમ અધિનિયમ, 1950 હેઠળ કરવામાં આવી હતી. નિગમનો ઉદ્દેશ રાજ્યમાં કાર્યક્ષમ, પર્યાપ્ત, કિફાતી અને સુસંકલિત માર્ગ વાહન વ્યવહાર સેવઆઓ પૂરી પાડવાનો છે. નિગમે કેન્દ્રીય ભંડાર અને 16 પ્રભાગીય ભંડાર ખાતે માલસામગ્રી સંચાલન પ્રણાલી (INMANS) લાગુ કરી હતી. માલસામગ્રી સંચાલન તંત્રમાંથી પ્રાપ્ત થતા કુલ 84 અહેવાલો પૈકી, પસંદ કરાયેલા ત્રણ પ્રભાગોના 17 થી 24 અહેવાલો પ્રાપ્ત થયા ન હતાં. માત્ર અચલ સામગ્રી માટે છ મહિનાનું અને ન્યૂનતમ સ્તર માટે દોઢ મહિનાનું પરિમાણો નક્કી કરવામાં આવ્યાં હતાં. નિયમિત સમયાંતરે સામગ્રીના સ્તરોનું નિરીક્ષણ ન કરવાને કારણે સામગ્રીના સ્તરોમાં ઘટાડો/વધારો જોવામાં આવ્યો હતો. જેના કારણે બસોના બાંધકામમાં વિલંબ, બસોનું જમા થવું, રી-ટ્રેડેડ ટાયરના ઉત્પાદનમાં ઘટાડો જોવા મળ્યો હતો. ભંડારના સંચાલનમાં રેકોર્ડોની જાળવણીમં ઉણપો જોવામાં આવી હતી. સમયાંતરે ભંગાર સામગ્રીઓની ઓળખની પદ્ધતિના અભાવે ખૂબ વધુ જથ્થામાં ભંગાર વણવેચાયેલ પડ્યો રહ્યો હતો. ચલ અને અચલ સંપત્તિ બંનેની ફરજિયાત ચકાસણી, સામગ્રીની સમવર્તી ચકાસણીના અહેવાલનો પ્રતિભાવ, ભ્રમણ કરતી ઑડિટ પાર્ટી દ્વારા નિરીક્ષણ ના થવું અને ખરીદીની માંગ-યાદીની રજૂઆતમાં વિલંબ જોવા મળ્યા હતાં.